ઓક્ટોબર, ૨૦૧૦ ★ પાના : ૨૦ ★★★ Regd. No.MH/MR/South-135/2009-11
RNI Regd. No. MAHGUJ / 2006 / 18379 ★ સળંગ અંક ૪૯ ★ વર્ષ ૪ ★ Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી.....

**સ્નેહી સ્વજન,**

**જય જિનેન્દ્ર !**

માનવમાત્રના જીવન પ્રવાહને મુકતપણે સહજતાથી ખળખળ વહેતું રાખવા વિચાર શકિતની ક્ષિતિજો વિકસાવવી અને વિસ્તારવી આવશ્યક છે. તો અને તો જ જીવનના ધર્મ અને મર્મ આપણે પામી શકીએ. કુંઠિત વિચારધારા પાણીના એક ખાબોચિયા સમાન છે. મન મોકળું મૂકીને નવા વિચારોને પ્રવેશવા દો. અહમ ને સોહમમાં ફેરવવાના પ્રયત્નો આદરવા જોઈએ કારણ કે, અહંકાર હંમેશા આત્મતેજમાં ઓછપ લાવે છે.

ઉદાર અને ગુણગ્રાહી વ્યકિતત્વ અને હકારાત્મક કાર્ય પધ્ધતિ દ્વારા દિપકથી દિપક પ્રગટાવી સૌને માનવતાના મશાલચી બનાવવા છે. કોઈને પણ આંજવાનો કે માંજવાનો પ્રયત્ન સુધ્ધાનો વિચાર પણ નથી કરવો. સમાજ અને સંસ્થાના સ્મરણો અને સ્મૃતિઓના ચિત્રો અને ચરિત્રો જીવનના વિવિધ પાસાઓને આકસ્મિક રીતે પ્રગટ કરતા જ રહે છે. સમસ્યાનો હલ લાવ્યા વગર તેને જીવંત રાખવાનો પ્રયાસ કે વિચાર સમસ્ત સમાજ કે સંસ્થા માટે ખતરનાક પૂરવાર થઈ શકે છે.

**સ્નેહ સંમેલન :**

શ્રી પાટણ જૈન મંડળ આયોજીત તથા શ્રી મણીલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પ્રેરિત સ્નેહ સંમેલન આ વર્ષે શમિવાર, તા.૧૩-૧૧-૨૦૧૦ ના રોજ

*(અનુસંધાન પાના નં..... ૨ ઉપર)*

## નૂતન વર્ષાભિનંદન

વિક્રમ સંવત ૨૦૬૭, વિ. સંવત ૨૫૩૭ નાં નૂતન વર્ષની સવારે, સલૂણી ઉગતી ઉષાના ઉછળતા પ્રભાતે, સૂરજના સોનેરી કિરણો જેવો દિન સોહામણો છે. આપણા જીવનની પ્રત્યેક પળ નૂતન વર્ષના મંગલ પ્રભાત જેટલી મૂલ્યવાન છે. વીતરાગ પરમાત્મા મહાવીરને તથા ગુરૂ ગૌતમ સ્વામીને પ્રણામ કરતાં, તેમની ભક્તિ કરતાં, પ. પૂ. આચાર્યો ગુરૂ ભગવંતના મુખેથી બેસતાં વર્ષની સુપ્રભાતે મહામાંગલિક વાણીનું શ્રવણ કરીને, નવસ્મરણના પાઠોની સ્તવના કરીને આજના મંગલ પ્રભાતથી સર્વે જીવોના સુખ, શાંતિ અને સમૃદ્ધિ તથા નિરામય જીવન માટે મંગલ ભાવના ભાવીએ.

પરમાત્મા પ્રત્યેનો રાગ વધારી, જીવનને અવનવા જ્ઞાનના દીવડાથી ઝળહળતું બનાવીએ. સાધર્મિક પ્રત્યે વાત્સલ્ય ભાવ રાખી, સ્નેહની સુગંધ ફેલાવીએ. જીવો પ્રત્યે મૈત્રીભાવ સતત વધારતા રહી, કરૂણા ભીનું હૈયુ ભીંજવીએ. કષાયોની કાલિમાને દૂર કરીને, જીવન ગૌરવવંતુ બનાવીએ આ જ તો છે આપણો સંકલ્પ, જેનાથી સિધ્ધિ મળ્યાં વગર રહેશે નહી. અને આ જ છે અમારી બે કર જોડી પ્રાર્થના અંતઃકરણની પરમકૃપાળુંને........

❑ **સંપાદક સમિતિ**

(ક્રમશઃ પાના નં.....૧ થી)

સાંજે ૫.૦૦ વાગ્યાથી દર વર્ષની માફક શ્રીનિકેતન વાટિકા, મરીન ડ્રાઈવ મધ્યે પ્રાયોગિક ધોરણે ગોઠવવામાં આવ્યું છે. ઉકત નિર્ણય વ્યવસ્થાપક સમિતિની તા.૧૯-૧૦-૨૦૧૦ ની સભામાં ગહન વિચાર વિમર્શ અને વિવિધ પ્રશ્નોની છણાવટ બાદ લેવામાં આવ્યો છે. દર વર્ષની જેમ ચૌવિહારની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. જે આપની જાણ ખાતર !

ખેતરવસીના પાડાના શ્રી હીતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા) દ્વારા સમાજ વિકાસ ફંડ ખાતે નોંધાવેલ રૂા. ૩૧૧૧૧૧/-માંથી બાકીના રૂા. ૨૦૦૦૦૦/- મંડળમાં મોકલાવી આપી ધન્યતા અનુભવેલ છે. મજકુર સખાવત બદલ દાતાશ્રી તર્ફે આદરભાવ વ્યક્ત કરવામાં આવે છે.

કનાસાનાપાડાના શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ દ્વારા તેમના માતુશ્રી શંતુબેન કેશવલાલ ખેમચંદ શાહની સ્મૃતિમા રૂા. ૫૦૦૦૦/- શૈક્ષણિક સહાય ફંડ ખાતે તથા પુત્ર ચિ. જયની સ્મૃતિમાં રૂા. ૫૦૦૦૦ /- મેડીકલ સહાય ફંડ ખાતે મોકલાવી આપેલ છે તે બદલ દાતાશ્રી પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.

**<u>પારિતોષિક વિતરણ :</u>**

રવિવાર, તા.૨૪-૧૦-૨૦૧૦ ના રોજ સવારે શ્રી પાટણ જૈન મંડળનો શૈક્ષણિક પારિતોષિક વિતરણ સમારંભ શિક્ષણ સમિતિ દ્વારા આયોજન કરવામાં આવ્યો છે.

શ્રી નિશાંત જૈન (કેરીયર સોલ્યુશન્સ ઈન કોર્પોરેશનના સ્થાપક) અતિથિ વિશેષ તરીકે પધારશે. મંડળના મુખપત્ર પાટણ પ્રતિબિંબના ૩૧ માં વર્ષના ૧૨ અંકોમાંથી શ્રેષ્ઠ લેખકોનું પારિતોષિક આપી અભિનંદન કરવામાં આવશે. આપ સૌ મહાનુભવોની હાજરીથી અમને ચોકકસપણે પ્રોત્સાહન સાંપડશે.

**<u>નૂતન વર્ષાભિનંદન :</u>**

કોઈની પણ મનઘડેલ વાતોમાં ન આવી કોઈપણ જાતના આલંબન કે અવલંબન વગર સમાજ પ્રત્યેની સંસ્થા પ્રત્યેની આપણી ફરજ સમજી સંગઠન અને સહાયના હાથ પ્રસરાવવા નવા વર્ષની પૂર્વ સંધ્યાએ આપ સૌને મારું હાર્દિક ઈજન છે. આવો સાથે મળી પ્રગતિની ક્ષિતિજને પાર કરીએ. એકમેકને શુભેચ્છા પાઠવીએ. આનંદના ઉત્સવનો મહોત્સવ બનાવીએ.

Please visit our website- **www.patanmandal.org / www.patanmandalusa.org**

આભાર..

❑ **પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ**

## સંપાદકીય.....

# દિપોત્સવી પર્વ

જૈન ધર્મના ચારે ફિરકાઓનો સંબંધ દીપોત્સવ પર્વ સાથે ભગવાન મહાવીરના નિર્વાણ સાથે પણ જોડાયેલો છે. મિત્રો ! આ અંક આપ સૌના કરકમળમાં આવશે તેના પછી ગણત્રીના દિવસોમાં જ દિપોત્સવી પર્વ આવી રહ્યું હશે. આસો વદ અમાસે પ્રભુ નિર્વાણ પામ્યા હતા. તે સમયે દેવોએ અને રાજાઓએ દીવારૂપી પ્રકાશ -દ્રવ્ય દીપકો પ્રગટાવી દીપમાળાની રચના કરી હતી ત્યારથી લઈને દિવાળીમાં આપણે દીવા પ્રટાવીએ છીએ.

હિંદુ ધર્મ મુજબ રામ - રાવણના પ્રસંગો આધારિત છે. તે માત્ર જનશ્રુતિ પર આધાર રાખે છે. આસો માસનાં તહેવારો અને પર્વો હિંદુ પંચાગ મુજબ છેલ્લાં આવે છે. વિક્રમ સંવત, વીર સંવત, તેમજ હિંદુ પંચાંગ મુજબ મહિનાઓ પણ બદલાઈ જાય છે. આમ સમય સરકતો જાય છે. **આસો માસમાં નવરાત્રી, શાશ્વતી આયંબિલની ઓળી જેમાં નવપદજીનો મહિમાં, શ્રીપાળ-મયણાંની ભક્તિ, શ્રીપાળ રાજાનો રાસ વિગેરે વિગેરે ને સ્મરણમાં રાખી આરાધના કરવામાં આવે છે. નવરાત્રીમાં માતા દુર્ગા, માતા અંબિકાદેવીને વિશેષ પ્રકારે આરાધવામાં આવે છે. ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ એમ પાંચે દિવસોના અનોખા પર્વ નિમિત્તે હોમ, હવન, પૂજનો વિગેરે થાય છે.** આ એક શ્રધ્ધાનો અવસર છે જે જન હૈયામાં વસે છે.

આસો વદ તેરસના દિને શ્રમણ ભગવાન મહાવીરે અંતિમ આહાર ગ્રહણ કર્યો હતો, અપાપાનગરીમાં પોતાનો અંતિમ સમય જાણીને સમવસરણમાં બેસીને સતત ૪૮ કલાક (૧૬ પ્રહર) સુધી અટેલે કે એમની નિર્વાણની ઘડી સુધી તેઓએ સમગ્ર લોકને દેશના આપી.

**''હૈયા સહુના ધબકતાં, નીરખે પ્રભુને ધારી**
**હવે પ્રકાશ છે આ ઘડી બે ઘડી,**
**પ્રભુ મહાવીરની વિદાય વેળા, હવે અકારી આવી**
**ભાગ્યશાળી સૌ કોઈ ઝીલે છે વીરવાણી,**
**છેલ્લી વાણી, છેલ્લો દીપક, હવે બુઝાતો જાણી''**

આસો માસની અમાવસ્યાની પાછલી રાત હતી. ચંદ્ર સ્વાતિ નક્ષત્રમાં આવ્યો હતો. ભગવાનને છઠ્ઠનો તપ હતો અને બોંતેર વર્ષનું આયુષ્ય પૂરૂ કરી પ્રભુ નિર્વાણ પામ્યા. ગૌતમ ગણધરને પ્રભુના નિર્વાણના સમાચાર મળ્યા. તેમનું હૃદય પ્રભુની વિરહ વેદનાથી દ્રવિત થઈ ગયું. તેઓ સમતા ભાવમાં સ્થિર થઈ ગયા. ને શુલ્ક ધ્યાનમાં ડૂબી ગયા. ચાર ઘાતી કર્મોનો નાશ થયો. **કારતક સુદ એકમની વહેલી પ્રભાતે ગૌતમ ગણધર કેવળજ્ઞાની બની ગયા. ત્યારે દેવોએ આવીને કેવળજ્ઞાનીનો મહોત્સવ કર્યો.**



**આવા શુભ અવસરે આપણે સૌએ પણ સમ્યગ્દર્શનનો દીપ પ્રગટાવવાનો છે. આત્માનુભૂતિ કરીએ, સ્વની સાધના કરીએ.**

**સ્વ આત્મામાં ઠરીએ અને પરમાત્મપદને વરીએ એ જ શુભ મનોભાવના.** ચરમ તીર્થંકર ભગવાન મહાવીરના શાસનની શીળી છાયામાં આપણે બેઠા છીએ તેના ઉપકારને, ઋણને યાદ કર્યા વિના આપણે રહી શકતા પણ નથી.

**''મિટ્ટી કે દીપ જલાને સે દીપાવલી નહીં હોતી,**
**ગુલદસ્તો સે ઘર સજાને સે, ખુશહાલી નહીં હોતી**
**દીપાવલી અગર મનાના હી ચાહતે હો તો,**
**સમ્યગ્ દર્શન કા દીપ જલાઓ, તભી સહી દિવાલી હોતી હૈ''**

**દીપોત્સવ પર્વ ઉજવતાં**

**સહુને શુભેચ્છા ... સહુને સાલ મુબારક**

## જ્ઞાનપંચમી – જ્ઞાનની આરાધના અને ઉપાસનાનું પર્વ

દીપોત્સવી પર્વ પૂર્ણ થયા બાદ **કારતક સુદ પાંચમ** એ જૈન શાસનમાં જ્ઞાનનું એક વિશેષ પર્વ છે. પ્રભુ મહાવીરને જે જ્ઞાન પ્રાપ્ત થયું તે જ્ઞાન વિશ્વના તમામ જીવનું કલ્યાણ કરનાર બને, તેના માટે જિનવાણીના માધ્યમથી આ આગમજ્ઞાન એટલે શ્રુતજ્ઞાન સમાજને આપી દીધું. આ શ્રુતજ્ઞાનના આધારે ૨૧૦૦૦ વર્ષ સુધી આ શાસન ચાલશે.

**જ્ઞાનના પાંચ પ્રકારો છે. પરંતુ પાંચ જ્ઞાનની અંદર સ્વ-પર બંનેને ઉપકારી એવું એક જ જ્ઞાન છે. શ્રુતજ્ઞાન. આ એક જ જ્ઞાન બોલતું જ્ઞાન છે. શ્રુતજ્ઞાનનું આલંબન લઈને આપણા અજ્ઞાનને દૂર કરવાનું છે. જ્ઞાનની આરાધનાનો આ પવિત્ર દિવસ વર્ષમાં એક જ વાર આવે છે. શ્રુતજ્ઞાન આપણા જીવનમાં બેટરીનું કામ કરે છે. જ્ઞાન આપણું સાચુ ધન છે. જેટલું જ્ઞાન આત્માના પ્રદેશે સંસ્કારરૂપ બની જશે. તે બીજા ભવમાં પણ સાથે આવશે. પરંતુ સાથે સાથે જરૂર કાળજી રાખવી કે જ્ઞાનની આશાતના કયારેય ન કરવી.**

**જૈન ધર્મના ઇતિહાસમાં ગુજરાતના મંત્રી પેથડશાની શ્રુતભક્તિની ખૂબ પ્રશંસા, અનુમોદના કરવામાં આવી છે.** પેથડશા નિત્ય સવારે ઉપાશ્રયમાં જતાં અને ગુરૂમુખે માંગલિક સાંભળ્યા પછી જ પોતાનું કાર્ય શરૂ કરતા. એક વખત તેઓ ઉપાશ્રયે ગયા ત્યારે આચાર્ય ભગવંત પાટ ઉપર બેસીને શિષ્યને એક સૂત્ર સંભાળવી રહ્યા હતા. તેમાં વારંવાર **'ગોયમાં'** શબ્દ આવતો હતો. પેથડશાને આ શબ્દના અર્થની કે સૂત્રની સમજ નહોતી પડતી. તેઓએ આશ્ચર્ય સાથે આચાર્યજીને પૂછ્યું કેઃ ''આમાં વારંવાર **'ગોયમા'** શબ્દ કેમ આવે છે ?'' ત્યારે ગુરૂએ કહ્યું કે : આ **''ભગવતીજી સૂત્ર''** છે. તારી યોગ્યતા હજુ અર્થ સાંભળવાની નથી. પેથડશાએ કહ્યું કે ; ''મારે આ શાસ્ત્ર સાંભળવું હોય તો સંભળાય તો ખરૂ ને ?'' ગૂરૂદેવ સંમતી આપી. મંત્રી આનંદથી ભાવવિભોર બની ગયા અને બીજા દિવસની સવારથી **'ભગવતી સૂત્ર'** સાંભળવા ઉપાશ્રયે પહોંચી ગયા. ગુરૂના ચરણોમાં વંદન કરી વિનયપૂર્વક હાથ જોડી એકાગ્ર ચિત્તે બેસી ગયા. સૂત્ર સાંભળતા જેટલી વખત 'ગોયમા' શબ્દ આવે તેટલી વખત **એક-એક સોનામહોર** મૂકતા. આમ ૩૬,૦૦૦ વારે **'ભગવતી સૂત્ર'** ની અંદર **'ગોયમ'** શબ્દ આવે છે. ને ૩૬,૦૦૦ **સોનામહોર**. પાંચ-સાત દિવસ સુધીના સ્વાધ્યાયમાં મૂકી દીધી. અને એ સંપત્તિ દ્વારા ભરૂચ વગેરે સ્થળોએ સાત મોટા જ્ઞાનભંડારો ખુલ્લા મુકાવ્યા.

**આમ જ્ઞાન એ મુંઝવણમાં માર્ગદર્શન આપનાર છે. શ્રુતજ્ઞાનનું એક વાક્ય હૃદયમાં ઊતરે તો જીવનો ઉદ્ધાર થઈ જાય તેમ શાસ્ત્રોમાં જણાવ્યુ છે. આ છે જ્ઞાન પાંચમ નું મહત્વ જેમાં જ્ઞાનની આરાધના કરવાની છે. 'મા સરસ્વતી' ની પૂજા કરી તેમના આશીર્વાદ મેળવવાના છે.**

**❑ શ્રીમતી ભારતી બી. શાહ**
**શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ**
**માનદમંત્રીઓ, સંપાદક સમિતિ**

## પાટણ પ્રિતબિંબની ઉત્તમ કૃતિઓ માટે જાહેર થયેલાં પારિતોષિકો

શ્રી પાટણ જૈન મંડળના મુખપત્ર **''પાટણ પ્રતિબિંબ''** ના માહે ઓગસ્ટ - ૨૦૦૯ થી જુલાઈ - ૨૦૧૦ સુધીના અંકોમાં પ્રગટ થયેલ લેખો માટેના શ્રેષ્ઠ લેખોનો નિર્ણય નીચે મુજબ લેવામાં આવ્યો છે.

**પ્રથમ : શું તમે મને ઓળખો છો ? હું છું રૂપીયો**
**લેખક : શ્રી નિલ્લવી જીતેનભાઈ શાહ**
**અંક : મે – ૨૦૧૦**
**દ્વીતીય : Why Should I Suffer ??**
**લેખક : શ્રી સાહીલ હીમાંશુભાઈ પાલેજવાળા**
**અંક : ઓગસ્ટ – ૨૦૦૯**
**તૃતીય : અતૃપ્ત માનવ**
**લેખક : શ્રીમતી દર્શના સુનીલ શાહ**
**અંક : જાન્યુઆરી - ૨૦૧૦**

આ નિર્ણય લેખોમાં રહેલી સર્જકતા, મૌલિકતા અને નવીનતાને ખાસ લક્ષમાં રાખી લેવામાં આવેલ છે. નિર્ણાયક તરીકેની સેવા આપવા બદલ જાણીતા સાહિત્યકાર **શ્રી રશ્મીભાઈ ઝવેરીના** અમો આભારી છીએ.

પારિતોષિક વિજેતા લેખક ભાઈ-બહેનોને મંડળ તરફથી હાર્દિક અભિનંદન અને તેમની કલમ દ્વારા દેશ, સમાજ અને ધર્મનો હજુ વિશેષ ઉદ્યોત થતો રહે એ જ અભ્યર્થના ....

ઉપરોક્ત વિજેતાઓનેશ્રી નેમચંદ જેશીંગલાલ શાહ સાહિત્ય પારિતોષિક થી **તા. ૨૪.૧૦.૨૦૧૦** ના રોજ યોજાયેલ શૈક્ષણિક પારિતોષિક વિતરણ સમારંભ સમયે સન્માનવામાં આવશે.

**❑ સંપાદક સમિતિ**

*(ક્રમશઃ પાના નં..... ૧૬ થી)* **સમાજ વિકાસ ફંડ**

- **શ્રીમતી સરલાબેન વિજયભાઈ હીરાલાલ શાહ**, કસુંબીયાવાડો
- **શ્રી મોહનલાલ હીરાચંદ શાહના સ્મરણાર્થે,** હઃ શ્રી દિપકભાઈ, મહાલક્ષ્મી માતાનો પાડો
- **શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ**, હસ્તે શ્રી. પંકજભાઈ, શ્રી રોહીતભાઈ, શ્રી ભરતભાઈ, (મારફતીયા મહેતાનો પાડો)
- **શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી**, મનમોહનજીની શેરી
- **શ્રી પ્રવીણભાઈ મણીલાલ શાહ**, નિશાળનો પાડો

**સહાયકદાતા**

- **શ્રી જે.કે. શાહ**, ભાભાનો પાડો
- **શ્રી પ્રદીપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી**, કોબે-જાપાન
- **શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ**, કેશુશેઠનો પાડો
- **શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત શાહના** સ્મરણાર્થે, પોળનીશેરી
- **ડૉ. જયંતિલાલ મણિલાલ પટણીના સ્મરણાર્થે**, મનમોહનજીની શેરી
- **શ્રી રમેશભાઈ સનાલાલ શાહ**, મલ્લાતનો પાડો
- **શ્રીમતી સુરેખાબેન મહેશભાઈ શાહ**, ખેતરવસી
- **શ્રી કંચનલાલ વાડીલાલ શાહ**, મનમોહનજીની શેરી
- **શ્રી ભગવાનદાસ પુનમચંદ શાહ, હ : શ્રી મનીષભાઈ ભગવાન દાસ શાહ (મદ્રાસ)**, કનાસાનો પાડો
- **શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ(લાદીવાલા)**, કનાસાનો પાડો

**સમાજ વિકાસ ફંડ વાર્ષિક રકમ**

| | |
|---|---|
| મુખ્ય દાતા | રૂા. ૩ લાખથી વધુ |
| આધારસ્તંભદાતા | રૂા. ૩ લાખથી ૧ લાખ |
| સહાયકદાતા | રૂા. ૧ લાખથી ૨૫ હજાર |
| શુભેચ્છકદાતા | રૂા. ૨૫ હજારથી ઓછી |

## શ્રી પાટણ જૈન મંડળ

# ટેલેન્ટ પરેડ-૨૦૧૧

શ્રી પાટણ જૈન મંડળ - પ્રોગ્રામ સમિતિ દ્વારા આયોજીત, **શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા) સાંસ્કૃતિક નિધિના ઉપક્રમે** યોજેલ ટેલેન્ટ પરેડમાં ભાગ લેવા અંગે ઘણા રસિકો દ્વારા પોતાનું એન્ટ્રીફોર્મ ભરવામાં આવેલ છે. **આપનું ફોમ ભરવાનુ રહી ગયેલ હોય તો વહેલી તકે ભરીને તા. ૧૦-૧૧-૨૦૧૦ સુધીમા મોકલાવી આપવા તાકીદ કરવામાં આવે છે.**

- **એન્ટ્રી ફોર્મ** : મરીન ડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી કાર્યાલય માંથી મળશે. ઉપરાંત **www.patanmandal.org** ઉપરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે.
- **એન્ટ્રી ફી** : રૂા.૧૦૦/- વ્યકિતદીઠ
- **ટેલેન્ટ પરેડ દિનાંક** : રવિવાર, તા.૨૩-૦૧-૨૦૧૧
- **સમય** : સાંજે ૪.૦૦ થી
- **સ્થળ** : બિરલા માતુશ્રી સભાગૃહ, મરીન લાઈન્સ, મુંબઈ-૨૦

**: વધુ માહિતી માટે સંપર્ક કરો :**
**શ્રી પાટણ જૈન મંડળ**
ફોન નં. : ૨૨૮૧૧૨૧૮ / ૨૨૮૧૧૩૪૬
**: માનદમંત્રીઓ :**
**શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ** - ૯૮૨૦૦ ૭૨૬૩૧
**શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ** - ૯૮૨૧૦ ૨૩૬૯૩
**શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ** - ૯૮૧૯૩ ૭૨૪૩૯

❑ **પ્રોગ્રામ સમિતિ**

## શ્રી પાટણ પાંજરાપોળ

**ટ્રસ્ટ રજી. નંબર ઈ- ૩૯૯ પાટણ**



**: સંચાલિત :**

### શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ - ખલીપુર



**પર્યુષણ પર્વ પ્રસંગે જીવદયામાં દાન આપવા નમ્ર વિનંતી**

| | | | |
|---|---|---|---|
| ૧. પશુ માટેનો શેડ (ગ્રેનાઈટ તકતી ઉપર નામ) | રૂા.૧,૦૦,૦૦૦ | ૬. પશુઓને માસિક દવા-ચિકિત્સા | રૂા. ૧૧,૦૦૦ |
| ૨. કાયમી તીથી નિભાવ ફંડ (આરસની તકતીમાં નામ) | રૂા. ૫૧,૦૦૦ | ૭. કાયમી ઘાસની તીથી | રૂા. ૫૦૦૦ |
| ૩. પશુઓને લાપશી માટેની કાયમી તિથિ (આરસની તકતીમાં નામ) | રૂા.૩૧,૦૦૦ | ૮. વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા. ૩,૦૦૦ |
| ૪. પશુઓના આધાર સ્થંભ (આરસની તકતીમાં નામ) | રૂા. ૨૧,૦૦૦ | ૯. પક્ષીઓને કાયમી ચણ તિથિ | રૂા. ૨,૦૦૦ |
| ૫. પશુઓને એક દિવસનો ઘાસચારો | રૂા. ૧૫,૦૦૦ | | |





**મહીનામાં નીચે મુજબ દાન પ્રાપ્ત થયા છે.**

૧. કાયમી તીથી નિભાવી ફંડ રૂા. ૫૧૦૦૦/- **શ્રી પ્રમોદભાઈ ભોગીલાલ ઝવેરી (સાયબા) ચોધરીની શેરી**

**''જતુ કરે તેનુ કંઈ જતુ નથી**
**જતુ ન કરે તેનું કંઈ બચતુ નથી''**

**જો હશે આપનું દાન..... તો બચશે પશુના જાન**

સંપર્ક : મુંબઈ : મે. પ્રવીણચંદ્ર એન્ડ કું., ૨૧ ભાંગવાડી શોપીંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૨. ફોન : ૨૨૦૫૨૦૫૮ ● મે. સી. વાડીલાલ એન્ડ કું. મુંબઈ -૩. ફોન : ૨૩૪૨ ૯૦૧૨/ ૨૩૪૨ ૯૦૧૩ ● પાટણ : શ્રી પાટણ પાંજરાપોળ, પીંપળા શેરી, આઝાદ ચોક, પાટણ (ઉ. ગુ.) ફોન : ૨૨૦૨૦૩

**સંસ્થાને આપેલ દાનની રકમ ૮૦ જી હેઠળ ઈન્કમટેક્ષમાં બાદ મળે છે.** **સૌજન્ય : મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ**



# શ્રી પાટણ જૈન મંડળ



યોજીત

## શ્રી મણીલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર પ્રેરીત

# નૂતન વર્ષ સ્નેહ સંમેલન

## હાર્દિક નિમંત્રણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા દર વર્ષની માફક પાટણના ભાઈ-બહેનો, સૌ સામુહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભભાવનાથી મરીન ડ્રાઈવના વિશાળ પટાંગણમાં, અલ્પાહારની સુંદર વ્યવસ્થા સાથે, સવંત ૨૦૬૭ ના નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું નીચેની વિગતે આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાના આ નિમંત્રણને સ્વીકારી, સ્નેહ સંમેલનમાં સર્વ પરિવારોને સહકુટુંબ પધારવા અમારૂ સ્નેહભર્યુ આમંત્રણ છે.

દિનાંક : શનિવાર, તા.૧૩-૧૧-૨૦૧૦
કારતક સુદ - ૭

સમય : સાંજના ૫.૦૦ થી ૮.૦૦

સ્થળ : શ્રીનિકેતન વાટિકા - ગાર્ડન
પાટણ જૈન મંડળ માર્ગ,
મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦ ૦૦૨



**આ મંગલ અવસરે અલ્પાહાર રાખવામાં આવેલ છે.**



તા.ક.: ૧) ચૌવિહારની વ્યવસ્થા સાંજે ૫.૦૦ થી રાખેલ છે.

૨) નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યકિતગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહિ, જેની સર્વેએ નોંધ લેવી.

-: નિમંત્રક :-

**શ્રી પાટણ જૈન મંડળ - પ્રોગ્રામ સમિતિ**

# શ્રી પાટણ જૈન મંડળ

## પાટણ પ્રતિબિંબ વિશેષાંક ૨૦૧૦ જાહેરખબર દ્વારા પાટણ પ્રતિબિંબ નિભાવ ફંડ

માનનીય મહોદય,

ત્રણ ત્રણ ત્રિવેણી સંગમો જ્ઞાન, દર્શન, ચારિત્ર; સંસ્કાર, સેવા, સાધના તથા સંસ્કૃતિ, સહાય અને સમન્વય સાથે આપણી સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ શતાબ્દિ વર્ષને ઉંબરે આવીને ઉભી છે જે ગૌરવની ગરિમા અદ્દભુત અનુભૂતિ કરાવે છે.

મંડળનું માસિક મુખપત્ર પાટણ પ્રતિબિંબ શરૂઆતથી સમાજના દરેક પરિવારોને વિનામૂલ્યે નિયમીતપણે મોકલવામાં આવે છે. સામાજિક, સંસ્થાકીય, વેવિશાળ, શ્રધ્ધાંજલિ વિ. સમાચારોથી સમાજના સેતુ બનેલ પ્રતિબિંબનું પ્રકાશન ખુબ જ ઉપયોગી રહ્યું છે. આ પ્રકાશનના વાર્ષિક ખર્ચ થકી સંસ્થાને અંદાજીત બે લાખ રૂપિયાનો બોજ પડે છે, જે ભવિષ્યમાં રૂપિયા ત્રણ લાખ થઈ શકે છે. આ આવશ્યક પ્રકાશનને અવિરત પ્રકાશીત રાખવા **પાટણ પ્રતિબિંબ નિભાવ ફંડ** અસ્તિત્વમાં લાવી અંદાજે રૂપિયા ત્રીસ લાખનું ભંડોળ એકત્રીત કરવાની આવશ્યકતા છે. પરિણામે પ્રતિબિંબ આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી શકે.

ઉકત ભંડોળ એકત્રીત કરવા ડીસેમ્બર ૨૦૧૦ ના આકર્ષક અને માહિતી પૂર્ણ પ્રતિબિંબ વિશેષાંક માટે જાહેરખબરની વિવિધ યોજના નકકી કરવામાં આવી છે.

આપ સૌ મહાનુભવો પાસે સંસ્થા સહકારની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. આપણા સૌની નૈતિક ફરજ સાથે સંસ્થા પ્રત્યેના ઋણભાવને અદા કરવા માટેનું આ એક આવશ્યક અભિયાન છે. તો મિત્રો આવો! વિના વિલંબે આપની **ધંધાકીય, વ્યકિતગત શુભેચ્છા પાઠવતી કે વડીલોના સ્મરણાર્થે અથવા લગ્ન સંબંધી જાહેરખબર** નોંધાવી સંસ્થાને સહાયભુત થાવ અને આવેલ તકને તન-મન-ધનથી વધાવી લો. **વિદેશમાં વસતા સભ્ય મિત્રો અને પરિવારોને ખાસ વિનંતી કે આપ પણ ઉકત અભિયાનમાં આપની જાહેરખબર આપી સહભાગી બનશો. HELP US TO HELP YOU !**

**તમારૂં અર્પેલુ સ્મિત લઈ, હવે કયાંક સરતો,**
**તરાપો ડુબેલો, કમળ થઈ આજ તરતો !!**

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## List of Advertisers for Pratibimb December 2010 As on 17th October ber 2010 (Rs. 10,000/- & Above)

1. Patan Co-Op Bank Ltd.
2. M/s. Smith Engineering Co.
3. M/s. Precision Bearings Pvt. Ltd.
4. M/s. Kusum Masala Products
5. M/s. Machine Tools Traders (Madras)
6. M/s. Fotofast
7. M/s. Pradipkumar Pharma Pvt. Ltd.
8. M/s. K. Sevantilal & Co.
9. M/s. Avni Petro Chem.
10. M/s S Kant Healthcare Ltd.
11. M/s. Mihir Engineers Ltd.
12. Shri Sudhirbhai Navinchandra Shah
13. M/s. Vasu Chemicals
14. M/s. Money Bee Securities
15. M/s. Reshmo Mac Tools Centre
16. M/s. Bombay Tools Supplying Agency
17. Shri Hemantbhai Kantilal Shah (Salviwado)
18. M/s. Steelfab Building Systems
19. M/s. Moly Chem
20. M/s. Sambhav Construction
21. Parshavnath Engg. College
22. Shri Manharbhai Keshavlal Shah
23. Shri Prafulbhai Kantilal Shah
24. M/s. Patani Securities Pvt. Ltd.
25. M/s. Pruthviraj Shah & Co.
26. Shri Rajendra Ambalal Jhaveri
27. Sky Bridge Global, U.S.A.
28. M/s. Milan Jewellers
29. M/s. Poli Diam
30. M/s. Keshavlal Khemchand Sons Pvt. Ltd.
31. Fu Fab
32. M/s. Pharmica
33. M/s. Atul Engineering Co.
34. M/s. P. Rohitkumar & Co.
35. Shri Rajivbhai Keshrichand Shah
36. M/s. Cordial
37. M/s. K. Sevantilal & Co. (Nagdevi)
38. Shri Virendrabhai Bhagvandas Nagarseth
39. M/s. Patani Engineering Traders
40. M/s. Moon Win Tools
41. M/s. Elegant Spare Service
42. Shri Ravindrabhai Mohanlal Shah
43. Shri Hitenbhai Champaklal Shah (Vimavala)
44. M/s. Filereturn Com Pvt. Ltd.
45. Shri Pravin Vrajlal Shah (Mantri)
46. Shri Bhadrakumar Manilal Shah & Family
47. Machine Tools Traders - Bangalore
48. Jyantilal F Shah Foundation
49. M/s. Haresh Tools Corporation
50. M/s. Mascot Enggineering Works
51. M/s. Axsis Electrical Components Pvt. Ltd.
52. M/s. Cyano Pharma Ltd. (Indore)
53. M/s. Pattani Optical & Contact Lens Clinto
54. Shri Suresh Vrajlal Shah (Calcutta)
55. Shir Kumarpal Natvarlal Shah
56. M/s. Parco Tractor Spares Corporation
57. Shri Apurv Narendra Modi

## કલિકાલ સર્વજ્ઞ આચાર્ય
## શ્રી હેમચંદ્રાચાર્યજી

આસો થી કારતકની વચ્ચે તિથીનું એક પાનું બદલાવો કે આપણને સૌને પતંગિયાની જેમ એક એક વરસ ઉડતું દેખાય. નવા વરસના મખમલી સૂર્યોદયને માણવો ગમે છે. નવી તાજગી, નવા ઉત્સાહ સાથે ફરીથી આપણાં સૌનો નાતો એ જ કેલેન્ડર, પંચાગ, વાર, તિથી કે માસ, સુદ કે વદ ના ચક્ર સાથે જોડાઈ જાય છે. પરિવર્તન અને પુનરાવર્તનની બ્રહ્માંડની લીલામાં વિક્રમ સવંત ૨૦૬૭ નું નવું વરસ શરૂ થાય કે તરત જ આપણને સૌને પવિત્ર અને મહત્વનો દિવસ કારતક સુદ ૧૫ (કાર્તિકી પૂર્ણિમા) વિશેષ બે પ્રરૂપે યાદ આપી જાય છે. શત્રુંજય તીર્થની ભાવભરી યાત્રા, કરી ચાર્તુમાસની પૂર્ણાહુતિ કરવી અને કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય અને શતાવધાની શ્રીમદ્ રાજચંદ્ર તથા શ્રી ગુરૂ નાનકનો જન્મ દિવસ.

સં. ૧૧૪૫ ની કારતક સુદ પૂનમના દિવસે ધંધુકા મા માતા પાહિણીદેવીને કુખે પૂનમના ચંદ્ર સમાન આ મહાન પુત્રનો જન્મ થયો હતો. તેમના પિતા વૈષ્ણવ હતા. માતા પાહિણીદેવી જૈન ધર્મી હતી. પુત્ર જન્મ સમયે આકાશવાણી થઈ. ''પાહિણી અને આચિંગનો આ પુત્ર તત્વનો જ્ઞાતા બનશે અને તીર્થંકરની જેમ જિનધર્મનો પ્રસારક થશે'', ફોઈબાએ પુત્રનું નામ **'ચાંગદેવ'** રાખ્યું. બાળપણથી જ માતાએ તેને ભગવાનના દર્શન કરવા અને ઉપાશ્રયમાં ગુરૂને વંદન કરતાં શીખવ્યું હતું. પાંચ વર્ષનો થતાં એક વખત આચાર્યશ્રી દેવચંદ્રસૂરીજીએ માતાને કહ્યું કે; 'તારો આ પુત્ર મારી ગાદી સાચવશે અને જીનશાસનનો મહાન પ્રભાવક આચાર્ય બનવાનો છે. તું મને હવે આ પુત્ર સોંપી દે, સૂર્ય અને ચંદ્ર ને જેમ ઘરમા ન રાખી શકાય જો તે ઘરમા રહે તો દુનિયાને પ્રકાશ કોણ આપે ? તારો પુત્ર સુર્ય જેવો તેજસ્વી છે, અને ચંદ્ર જેવો સૌમ્ય છે. તેનો જન્મ ઘરમાં રહેવા નથી થયો એ તો જીનશાસનના ગગનમાં ચમકવા જનમ્યો છે. માટે તેના ઉપરનો મોહ છોડી મને સોંપી દે.' આમ માતા-પિતાએ પણ હૃદયના ભાવોલ્લાસ સાથે ગુરૂદેવને બાળક સોંપી દીધો. સમય જતાં બાળક ચાંગદેવ સોમચંદ્ર મુનિ બન્યા. સ્વાધ્યાય, તપ, જપ, આરાધના ને ગુરૂભક્તિ કરતાં કરતાં પોતાના પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી દેવચંદ્રસૂરીજીનાં સાનિધ્યમાં કેળવણી, શિક્ષણ મેળવતાં મેળવતાં તેઓ સમર્થ **'આચાર્ય'** પદવી પામ્યા. અને **''હેમચંદ્રાચાર્ય''** તરીકે પ્રસિદ્ધી પામ્યા. શ્રી હેમચંદ્રાચાર્યે ગીતાનો પરમ શબ્દ **'સમન્વય'** અને જૈન તત્વજ્ઞાનનો મહાન શબ્દ **'સ્યાદવાદ'** ને પોતાના જીવનમાં સાધી બતાવ્યો. અસાધારણ વિદ્વાનોની વચ્ચે તેઓએ પોતાના જ્ઞાનની પ્રતિભાથી પાટણમાં ઉચ્ચતમ સ્થાન મેળવ્યું. એટલે પાટણમાં રહેતાની સાથે હેમચંદ્રાચાર્ય પાટણથી અને પાટણ, હેમચંદ્રાચાર્યથી વધારે મહાન બન્યું. આજે પણ લોકો પાટણને એ રીતે જ યાદ કરે છે. વિક્રમ વિ. સ. ૯૯૮ થી વિક્રમ સં ૧૨૩૦ સુધીનો સમય ગુજરાતનો એક સુર્વણયુગ હતો. એમાં પણ સિધ્ધરાજ જયસિંહ અને કુમારપાળનો લગભગ ૮૦ વર્ષનો એ સમય મહાન ગુજરાતીઓનો હતો. સિધ્ધરાજ જયસિંહ જો હેમચંદ્રાચાર્યને મળ્યા ન હોત તો એમની વિક્રમગાથા વાલ્મિકી વિનાના રામાયણ જેવી હોત. હેમચંદ્રાચાર્ય માનવ તરીકે મહાન હતા. પરંતુ સાધુ તરીકે તો વધારે મહાન હતા પણ સૌથી વિશેષ તો એ સંસ્કારદ્રષ્ટા




**CARAT JEWELLERY**

118, Dharam Palace,
B Wing, 1st Floor,
Hughes Road, Mum-7.
Cont. No.:02223610180/81
Tushar: 09820223110
Rupal: 09969525061
Amar: 09004777012
E-Mail-caratjewellery@gmail.com
By Appointments Only.

તરીકે મહાન હતા.

એમના વિના ગુજરાતી ભાષાનો ઇતિહાસ અપૂર્ણ અને અકિંચન લાગે એમની ખાસ પ્રચલિત વાત એ છે કે શ્રી હેમચંદ્રાચાર્યે પોતાની માતાની સ્મશાનયાત્રાના સમયે હાજર રહી માતૃવંદના કરી હતી. દુશ્મનોને ય વિનયથી જીતનાર સાધુ તે વખતે તેમના જેવા બીજા કોઈ નહોતા. સિધ્ધરાજ જયસિંહ પૂ. શ્રી. ની મધુરતાભરેલી વાણી અને તેમની તેજસ્વિતા જોઈ ખૂબ જ પ્રભાવિત થઈ ગયા હતા, તેથી શ્રી હેમચંદ્રાચાર્ય તેમના વિશ્વાસુ મિત્ર જેવા બની ગયા હતા. એકવખત સિધ્ધરાજ માળવાના જ્ઞાનભંડારમાંથી **'સરસ્વતી કંઠાભરણ'** ગ્રંથ લઈ પાટણ આવ્યા આ ગ્રંથ જોઈ તેમને વિચાર આવ્યો કે, "આવો ગ્રંથ ગુજરાતની ભૂમિ પર કોઈ વિદ્વાન બનાવી ન શકે જો આ ગ્રંથ સાથે મારૂં નામ જોડાય તો ગ્રંથ અને હું બંને અમર થઈ જઈએ." બીજે દિવસે રાજસભામાં વિદ્વાનો સમક્ષ સિધ્ધરાજે પોતાના મનની આ વાત રજૂ કરી હેમચંદ્રાચાર્યે તરત જ પોતાનો પ્રતિભાવ એક આહવાન આપીને સ્વીકારી લીધો, તેઓએ ક્હયું કે; **"હું રાજા ભોજના વ્યાકરણ કરતાં સવાયા વ્યાકરણની રચના કરીશ."** આમ પોતાને જોઈતી સામગ્રી એકઠી કરીને માત્ર એક જ વર્ષમાં સવા લાખ શ્લોકવાળા વ્યાકરણનો મહાગ્રંથ બનાવ્યો અને નામ આપ્યું. **'સિધ્ધ હેમ વ્યાકરણ'** સિધ્ધ એટલે સિધ્ધરાજ અને હેમ એટલે હેમચંદ્રસૂરી. ત્યારબાદ આ ગ્રંથને વાજતે-ગાજતે હાથીની અંબાડી પર મૂકી પાટણના રાજમાર્ગો ઉપર ફેરવી, આ ગ્રંથનું પૂજન કરી, ગ્રંથને પાટણની જ્ઞાનશાળામાં મૂકવામાં આવ્યા, આજે પણ સંસ્કૃત ભાષા ભણનારા **'સિધ્ધહેમ'** વ્યાકરણ ભણે છે.

વિદ્વવર્ય પંડિત શિવદત્તના શબ્દોમાં કહીએ તો ........ **'સંસ્કૃત, સાહિત્ય અને વિક્રમાદિત્યના સમયમાં જે સ્થાન કાલિદાસનું હતું.'** શ્રી હર્ષરાજાના દરબારમાં જે સ્થાન કવિ બાણભટ્ટનું હતું. બરાબર એવી જ રીતે સુપ્રસિધ્ધ ગુર્જર શિરોમણિ સિધ્ધરાજ જયસિંહના દરબારમાં એ સમયમાં હેમચંદ્રાચાર્યનું સ્થાન હતું. શ્રી હેમચંદ્રાચાર્યે પાટણમાં પગ મુક્યો ને રાજલક્ષ્મી સાથે સરસ્વતી પણ આવી. વ્યાકરણ, કોષ, તત્વજ્ઞાન, ન્યાય, યોગ, રસ, અલંકાર, ઇતિહાસ, ધાર્મિક આખ્યોનો એમ અનેક કૃતિઓથી એમણે ગુજરાતી ભાષાને સમૃધ્ધ કરી દીધી. ૮૪ વર્ષના દીર્ઘકાળ દરમ્યાન એમણે રચેલા સાહિત્ય માટે એમ કહેવાય છે કે ૮૪ વર્ષની જેટલી **'મિનિટ'** તેટલા શ્લોકો રચીને અદભુત સિધ્ધિ મેળવી હતી. પોતાનો અંતિમ સમય નજીક આવ્યો ત્યારે સંઘને, શિષ્યોને ને રાજાને સૌને આમંત્રી તેમની છેલ્લી રજા લેવાનો નિશ્ચય કરી, પોતાના અંતઃકરણને એ સિધ્ધસેન દિવાકરની વાણીમાં લીન કરતાં ગયા. સં. ૧૨૨૯ માં શ્રી હેમચંદ્રાચાર્ય પરમધામમાં ગયા. એ સમયે કુમારપાળે તેમની પવિત્ર ભસ્મનું તિલક કર્યુ. ને ગુરૂના અદશ્ય આત્માને વંદન કરી પાટણમાં પાછાં કર્યા.

ગુજરાતના બે મહાન મૂલ્યવાન રત્નોને સિધ્ધરાજ જયસિંહ અને કુમારપાળ બંનેને હીરાની જેમ પહેલ પાડીને અત્યંત તેજસ્વી અને મૂલ્યવાન બનાવનાર આ મહાન વિભૂતિના ચરણોમાં આવો આપણે સૌ સાથે મળી નત્ મસ્તકે કોટિ કોટિ વંદન કરીએ.

***'અહો યોગ ને ક્ષેમના આપનારા,***
***તમે નાથ છો તારનારા અમારા;***
***શીશ નમાવી આપના ચરણોમાં,***
***માંગુ હું આશીષ સર્વદા તમારા'***

❑ **શ્રીમતી ભારતી બી. શાહ**


**શ્રી પાટણ પંચાયત ફંડ** સંચાલિત **શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા,**
ટાંગડિયા વાડો, પાટણ - ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** ✦ **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-** ✦ **કાયમી ફી પાસ યોજના : રૂા. ૭૧,૦૦૦/-** રકમ આપીને એક સાધર્મિક ભાઈ અથવા બહેનને કાયમી ફી જમાડી શકો છો. દાતાની ફોટો સંસ્થામાં મૂકવામાં આવશે.
**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/-** ✦ **દાતા ફોટો યોજના :રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો. તિથિના દિવસે બોર્ડ પર નામ લખવામાં આવશે.

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે.**

સાધુ, સાધ્વી , શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જેની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામાં આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટકાર્ય કરી શકો છો.
જા+ખ સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** જા x ખ

## ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના

પાટણ જૈન સમાજના અનેક ભાઈ -બહેનોએ ચાતુર્માસ અને પર્યુષણ દરમ્યાન ક્ષીરસમુદ્ર, અઠ્ઠાઈ, માસક્ષમણ, સિધ્ધીતપ, ઇત્યાદિની ઉગ્ર તપશ્ચર્યાની આરાધનાને સફળતાપૂર્વક પાર પાડીને પ્રચંડ કર્મ શુધ્ધિ સાથે પુણ્ય પ્રાપ્ત કર્યુ છે. તેનું અનુમોદન કરતા અમો ગૌરવ અનુભવીએ છીએ. કાર્યાલયમાં પ્રાપ્ત આરાધકોની વિગતવાર યાદી અત્રે રજુ કરતા આનંદ અનુભવીએ છીએ. તેના થકી જીવનને પ્રાપ્ત ધર્મમય બનાવવા સાથે સર્વ વિરતીના શ્રેષ્ઠ માર્ગે પદાર્પણ કરીને મુક્તિના દ્વારે પહોંચવાનો આ ઉત્તમ માર્ગ છે. આ રીતે તપશ્ચર્યાના પ્રભાવથી જીવન સાફલ્ય કર્યું છે. તે બદલ તેઓ પ્રતિ કલ્યાણભાવ વાંચ્છવા સાથે વંદન કરીએ છીએ.

**અપ્રાપ્ત માહિતીના કારણે કોઈના નામનો ઉલ્લેખ કરવો રહી ગયેલ હોય તો અમો ક્ષમા માંગીએ છીએ.**

❑ સંપાદક સમિતિ

| નામ | ઉંમર | મહોલ્લો | વિસ્તાર |
|---|---|---|---|
| **માસક્ષમણ** | | | |
| પ્રિયા સંજયભાઈ શાહ | ૨૨ | લખિયારવાડો | બોરીવલી |
| **૧૯ ઉપવાસ** | | | |
| હંસાબેન મુકેશભાઈ શાહ | ૪૫ | વખતજીની શેરી | કાંદીવલી |
| પ્રતિક સંજયભાઈ ઝવેરી | ૧૮ | ઝવેરીવાડો | મુંબઈ |
| કુણાલ વિજયભાઈ સંઘવી | ૨૫ | ખેતરવશી | પ્રીન્સેસ સ્ટ્રીટ |
| **૧૫ ઉપવાસ** | | | |
| શિખા મયુરભાઈ જૈન | ૧૬ | શાંતીનાથની પોળ | બોરીવલી |
| રોહિતભાઈ ફકીરચંદ કાપડીયા | ૫૬ | કનાસાનો પાડો | દાદર |
| ચાર્મી જૈનેષભાઈ શાહ | ૩૫ | બ્રાહ્મણ વાડો | ગોરેગામ |
| હેલી જૈનેષભાઈ શાહ | ૧૦ | બ્રાહ્મણ વાડો | ગોરેગામ |
| **૧૨ ઉપવાસ** | | | |
| ધાર્મિન અમીતભાઈ પાટણવાળા | ૧૬ | મારફતીયા મહેતાનોપાડો | લેમીંગ્ટન રોડ |
| **૧૧ ઉપવાસ** | | | |
| જીજ્ઞેશ લલીતભાઈ શાહ | ૩૮ | ઢંઢેરવાડો | ગોરેગામ |
| દીપાલી મયુરભાઈ જૈન | ૨૦ | શાંતીનાથની પોળ | બોરીવલી |
| અમીષાબેન અનીષભાઈ શાહ | ૪૦ | કુંભારીયા વાડો | સાંતાક્રુઝ |
| ચેતનાબેન મનીષભાઈ શાહ | ૪૩ | ખેતરપાળનો પાડો | ગોરેગામ |
| યશ જૈનેષભાઈ શાહ | ૮ | બ્રાહ્મણવાડો | ગોરેગામ |
| **૯ ઉપવાસ** | | | |
| સૌરીન સતીષભાઈ શાહ | ૩૪ | અબજીમહેતાનો પાડો | ગોરેગામ |
| ક્રિષ્ના પીનાકીન શાહ | ૧૭ | ભાભાનો પાડો | વાલકેશ્વર |
| મેઘના અમિતકુમાર શાહ | ૨૬ | નિશાળનો પાડો | વિરાર |
| પાયલબેન જયેશભાઈ શાહ | ૨૪ | - | - |
| પીંકી જીજ્ઞેશભાઈ શાહ | ૩૩ | ઢંઢેરવાડો | ગોરેગામ |

### અઠ્ઠાઈ તપ

| | | | |
|---|---|---|---|
| જીજ્ઞા પરાગભાઈ શાહ | ૩૫ | કનાસાનો પાડો | મરીન ડ્રાઈવ |
| કવિન પરાગભાઈ શાહ | ૧૪ | કનાસાનો પાડો | મરીન ડ્રાઈવ |
| વરૂણ પ્રજ્ઞેષભાઈ શાહ | ૧૩ | ખેતરવશી | ગોવાલીયા ટેંક |
| આરૂષી રાજીવભાઈ શાહ | ૧૫ | લખિયારવાડો | વોર્ડન રોડ |
| જાનવી નિલેષકુમાર શાહ | ૯ | ખેતરવશી | બોરીવલી |
| આશુમી સંજય ચુડઘર | ૨૧ | ચોધરીની શેરી | વિલેપાર્લા |
| નિધિ કાર્તીકભાઈ ઝવેરી | ૧૪ | વસાવાડો | પાયધુની |
| રાજવી પ્રગનેશભાઈ શાહ | ૧૦ | વખતજીની શેરી | બોરીવલી |
| વેદાંત જીતેશભાઈ શાહ | ૯ | વખતજીની શેરી | બોરીવલી |
| નેહાબેન ધર્મેશભાઈ પટણી | ૨૬ | વખતજીની શેરી | ગોવાલીયા ટેંક |
| હર્ષિલ કેતનભાઈ શાહ | ૧૬ | ખેતરવશી | મરીન ડ્રાઈવ |
| માલતી જયેશભાઈ શાહ | ૪૮ | લખિયાર વાડો | ગોવાલિયા ટેંક |
| નિર્મળાબેન હરસુખભાઈ શાહ | ૫૫ | લખિયાર વાડો | ગોવાલિયા ટેંક |
| શિરિષભાઈ હરસુખભાઈ શાહ | ૪૬ | લખિયાર વાડો | ગોવાલિયા ટેંક |
| જીમીત શિરિષભાઈ શાહ | ૨૧ | લખિયાર વાડો | ગોવાલિયા ટેંક |
| ધ્રુમીલ શિરિષભાઈ શાહ | ૧૯ | લખિયાર વાડો | ગોવાલિયા ટેંક |
| ભવ્ય દેવેનભાઈ શાહ | ૭ | લીમડીનો પાડો | કાંદીવલી |
| તુશાલી સૌરીનભાઈ શાહ | ૩૨ | ઢંઢેરવાડો | મુંબઈ |
| શીતલ નિમેષભાઈ શાહ | ૩૯ | મારફતીયામહેતાનોપાડો | મરીન ડ્રાઈવ |
| નિમેષ ધીરજલાલ શાહ | ૪૫ | મારફતીયામહેતાનો પાડો | મરીન ડ્રાઈવ |
| કોમલ ધીરેશભાઈ શાહ | ૧૧ | ખેતરપાળનો પાડો | મરીન ડ્રાઈવ |
| પ્રિયંકા રાજેષભાઈ શાહ | - | શાંતિનાથની પોળ | પૂના |
| અશ્વિનભાઈ સેવંતીલાલ શાહ | - | શાંતિનાથની પોળ | વિલે પાર્લા |
| રાજેન્દ્રભાઈ કેશવલાલ શાહ | ૫૫ | રાજકાવાડો | દહીસર |
| મીલીન્દ્રભાઈ નીતીનભાઈ શાહ | ૨૯ | મણીયાતીપાડો | ગોરેગામ |
| મનીષ વિજયચંદ્ર શાહ | ૪૪ | મહાલક્ષ્મી માતાનો પાડો | મરીન ડ્રાઈવ |
| જાનવી હેમંતભાઈ શાહ | ૭ | મહાલક્ષ્મી માતાનો પાડો | મરીન ડ્રાઈવ |
| માનષી મીલીન્દભાઈ શાહ | ૨૮ | મણીયાતીપાડો | ગોરેગામ |
| મોનીલ હેમલભાઈ શાહ | ૩૫ | કનાસાનો પાડો | સાંતાક્રુઝ |
| હેતલ રાજેશભાઈ શાહ | ૨૨ | ચોધરીની શેરી | પ્રાર્થના સમાજ |
| કવિન પરાગભાઈ શાહ | ૧૪ | કનાસાનો પાડો | મરીન ડ્રાઈવ |
| નીશા ચિરાગભાઈ શાહ | ૨૬ | અબજી મહેતાનો પાડો | પ્રિન્સેસ સ્ટ્રીટ |
| જીજ્ઞા પરાગભાઈ શાહ | ૩૫ | કનાસાનો પાડો | મરીન ડ્રાઈવ |
| ચૈતાલી અતુલભાઈ શાહ | ૧૭ | સંઘવીનો પાડો | પ્રાર્થના સમાજ |
| વૃષાલી પ્રકાશભાઈ શાહ | ૩૪ | કોકાનો પાડો | ગોરેગામ |
| કલ્પનાબેન અતુલકુમાર શાહ | ૫૨ | સંઘવીનો પાડો | પ્રાર્થના સમાજ |
| સરમીષ્ઠાબેન દીલીપકુમાર શાહ | ૬૦ | વાસુપુજ્યની શેરી | માટુંગા |
| હર્ષિની શૈલૈશભાઈ પટણી | ૧૨ | લીમડીનો પાડો | મરીન ડ્રાઈવ |
| શૈલેષભાઈ રમણલાલ શાહ | ૪૫ | વાસૂપુજ્યની શેરી | અમદાવાદ |
| ચિરાગ ચંદ્રકાંતભાઈ શાહ | ૩૭ | કેશુશેઠનો પાડો | કાંદીવલી |
| બીજલ નીરવભાઈ શાહ | ૩૦ | કોકાનો પાડો | બોરીવલી |
| ફોરમ અક્ષયભાઈ શાહ | ૧૭ | વખતજીની શેરી | મુંબઈ |
| કેતન નવીનભાઈ શાહ | ૪૦ | કુસંબીયાવાડો | નાસીક |

| નામ | ઉંમર | મહોલ્લો | વિસ્તાર |
|---|---|---|---|
| દર્શીલ જનકભાઈ શાહ | ૧૮ | વખતજીની શેરી | - |
| નીતીનભાઈ રમણલાલ પટણી | ૫૭ | મનમોહનજીની શેરી | લુહારચાલ |
| કલ્પનાબેન નીતીનભાઈ પટણી | ૫૭ | મનમોહનજીની શેરી | લુહારચાલ |
| અક્ષય શશીકાંત શાહ | ૩૮ | શાંતિનાથની પોળ | મુલુંડ |
| હેતા અક્ષયભાઈ શાહ | ૨૦ | શાંતિનાથની પોળ | મુલુંડ |
| જિનેષ યતીનભાઈ શાહ | ૧૮ | ઢંઢેરવાડો | - |
| અર્ચના હેતલભાઈ શાહ | ૨૭ | - | - |
| મીનળ અભયભાઈ શાહ | ૩૫ | મહાલક્ષ્મી માતાનો પાડો | ગોરેગામ |
| અલ્પા વિકાશ શાહ | ૩૫ | કપુરમહેતાનો પાડો | મલાડ |
| આદીશ નૈતિકભાઈ શાહ | ૨૪ | મણીયાતી પાડો | મલાડ |
| હીતાંશુ વિકાશ શાહ | ૯ | કપુરમહેતાનો પાડો | મલાડ |
| નિધિ આર. શાહ | ૨૫ | કનાશાનો પાડો | ગોરોગામ |
| ભદ્રાબેન ચંદ્રકાંત શાહ | ૭૦ | ભાભાનો પાડો | વાલકેશ્વર |
| ચિંતન અશોકભાઈ શાહ | ૨૪ | કનાસાનો પાડો | ગોરેગામ |
| આર્યન અમીત શાહ | ૭ | કનાસાનો પાડો | અંધેરી |
| પ્રિયાંશુ પરેશભાઈ ખાંડવાળા | ૨૬ | કેશુશેઠનો પાડો | વાલકેશ્વર |
| રાશી પ્રજ્ઞેશભાઈ શાહ | ૧૦ | વખતજીની શેરી | બોરીવલી |
| વિધી રાજેશભાઈ શાહ | ૧૯ | કેશુશેઠનો પાડો | વાલકેશ્વર |
| અનુષી આશિષભાઈ શાહ | ૧૪ | કેશુશેઠનો પાડો | વાલકેશ્વર |
| પ્રવીણાબેન લલીતભાઈ શાહ | ૭૨ | ખડાખોટડીનો પાડો | જોગેશ્વરી |
| કવિશી જનકભાઈ શાહ | ૧૫ | ખેતરવશી | - |
| ભવિતા જીગ્નેશભાઈ શાહ | ૧૧ | કેશુશેઠનો પાડો | મરીન ડ્રાઈવ |
| રીશીતા જીગ્નેશભાઈ શાહ | ૧૪ | કેશુશેઠનો પાડો | મરીન ડ્રાઈવ |
| કલ્પનાબેન અતુલભાઈ શાહ | ૫૦ | સંઘવીનો પાડો | મુંબઈ |
| ચૈતાલી અતુલભાઈ શાહ | ૧૬ | સંઘવીનો પાડો | મુંબઈ |
| સલોની અનીશભાઈ શાહ | ૧૭ | કુંભારીયા પાડો | સાંતાક્રુઝ |
| હર્ષ કમલેશભાઈ શાહ | ૨૩ | મણીયાતી પાડો | મરીન ડ્રાઈવ |

| નામ | ઉંમર | મહોલ્લો | વિસ્તાર |
|---|---|---|---|
| સેજલ સમીરભાઈ શાહ | ૩૮ | ઢંઢેરવાડો | ગોરેગામ |
| દીશા રાકેશભાઈ શાહ | ૧૮ | ઢંઢેરવાડો | ગોરેગામ |
| રૂપાલી વીલેશ સાલવી | ૩૦ | સાલવી વાડો | રતનનગર |
| ડેનીશ મંગલેશ સાલવી | ૩૨ | સાલવી વાડો | રતનનગર |
| રીના ડેનીશ સાલવી | ૨૮ | સાલવી વાડો | રતનનગર |

## સિધ્ધીતપ

| | | | |
|---|---|---|---|
| લલીતાબેન ચંદ્રકાંત શાહ | ૭૮ | ઝવેરીવાડો | સુરત |
| પલક રાજેશભાઈ શાહ | ૧૬ | લીમડીનો પાડો | સુરત |
| સેજલ આશીષ શાહ | ૩૫ | વખતજીની શેરી | લેમીંગ્ટન રોડ |
| અરવીંદભાઈ કાંતીલાલ પારેખ | ૬૭ | કુસુંબીયા વાડો | મુલુંડ |
| જીતેન્દ્રભાઈ કાંતીલાલ પારેખ | ૬૨ | કુસુંબીયા વાડો | મુલુંડ |
| કૈલાસબેન જીતેન્દ્રભાઈ પારેખ | ૬૦ | કુસુંબીયા વાડો | મુલુંડ |
| નેહાબેન અરવીંદભાઈ પારેખ | ૩૮ | કુસુંબીયા વાડો | મુલુંડ |
| પરાગ નવીનભાઈ શાહ | ૩૫ | કુસુંબીયા વાડો | મુલુંડ |
| નીરૂબેન શશીકાંત શાહ | ૮૭ | શાંતીનાથની પોળ | મુલુંડ |

## ક્ષીર સમુદ્ર

| | | | |
|---|---|---|---|
| ઈશા ભરતભાઈ શાહ | ૨૮ | કનાસાનો પાડો | ગોરેગામ |
| પાયલ દેવાંગભાઈ શાહ | ૩૨ | ખેતરવશી | સાંતાક્રુઝ |
| ભવ્ય રાજેન્દ્રભાઈ શાહ | ૧૯ | રાજકાવાડો | દહીસર |
| સીમા રાજેન્દ્રભાઈ શાહ | ૫૨ | રાજકાવાડો | દહીસર |
| હેતલ હેમાંગભાઈ નંદરબારવાલા | ૩૬ | ડંકમહેતાનો પાડો | વાલકેશ્વર |
| વિધી મનીષભાઈ શાહ | ૧૬ | મહાલક્ષ્મી માતાનો પાડો | મરીન ડ્રાઈવ |
| આશ્વી અમિતભાઈ શાહ | ૯ | કનાસાનો પાડો | ગોરેગામ |
| વૈભવ મનીષકુમાર શાહ | ૨૦ | ખેતરપાળનો પાડો | ગોરેગામ |
| નેહા નરેશભાઈ શાહ | ૨૫ | મણીયાતી પાડો | મરીન ડ્રાઈવ |


sambhav
comfy living

ENGINEERS & DEVELOPERS
REAL ESTATE DEVELOPERS OF
RESIDENTIAL / COMMERCIAL PROPERTIES

SAMBHAV TRADE TOURS
TRADE FAIR / LEISURE TOUR ORGANISERS

★ Trade Fair Tours
★ Incentive Tours
★ Leisure Tours
★ International / Domestic Hotel Booking
★ International / Domestic Air Ticketing
★ Visas / Overseas Mediclaim Assistance

*JITEN SHAH*,
*FCP, International Co - ordinator,*
JITO

*DHARMEN SHAH*

*MONA SHAH*

(KANASA NO PADO, PATAN)

*Corporate Office*: Sambhav House, Veera Desai Road, Andheri (West), Mumbai - 400 053. INDIA
Tel. No.: +91 - 022 - 26740533 Telefax: +91 - 022 - 26741589
Email: sambhavgroup@sambhav.in / sambhav@vsnl.net Website: www.sambhav.in

## સમ્યક - જ્ઞાનનું મહત્વ

''સમ્યક જ્ઞાન'' એટલે જૈન ધર્મનો સાર

''સમ્યક જ્ઞાન'' જે આપણને નીતનવી જીવનની ઝાંખી દેખાડે છે. એના દ્વારા આપણે ઉત્કૃષ્ઠ જીવનજીવી મોક્ષના દ્વારે જઈ શકીએ છીએ.

''કરે જે કામ નિષ્ઠાથી, મહેનત એની ફળે છે.'' સમ્યક-જ્ઞાન ન પામનારા જ્યાં ત્યાં આફળે છે.

''સમ્યક-જ્ઞાન'' જેટલું મેળવીએ તેટલું ઓછું છે. તેમાં તો આપણા જૈન ધર્મમાં જન્મથી મૃત્યુ સુધી આપનું ભાવી જીવન કેવી રીતે જીવીને વિતાવીશું, અને વિતાવવું એ બધુ જણાવવામાં આવે છે. પહેલાંજ તે આપણને પાપ, જીવહિંસા કરતા બચાવે છે.

આપણા આગમોના સૂત્રોમાં કુમારપાળ ચારિત્ર, સિધ્ધરાજ જયસિંહ, વનરાજ ચાવડા અને આચાર્ય ભગવંત હેમચંદ્રાચાર્ય જીવનની ઝાંખી કરાવી આપણા આ ''સમ્યક જ્ઞાન''નું ગૌરવ વધારે છે.

''હેમચંદ્રાચાર્યની - જ્ઞાનપીઠ'' આપણને ભગવાન તરફથી બક્ષીસ જ મળી છે. એ સત્ય છે. એમના પુસ્તકોનો ખજાનો તો આપણા માટે એક આગવુ નજરાણું છે.

''સમ્યગ જ્ઞાન'' ના પુસ્તકો આપણને જ્ઞાનનું ભોજન પીરસે છે. અને તેનું વાંચન કરવાથી આપણી તૃષા મીટે છે. તો આપણે તેનો જરૂરથી સારી રીતે ઉપયોગ કરવો જોઈએ.

''સમ્યક જ્ઞાન'' મેળવવા તો સૌ એ પાઠશાળા જવુ જ પડે અને તે પણ આપણી પાસે ઘણી સારી સંખ્યામાં છે. અને ''સમ્યક જ્ઞાન'' ભણવા વિદ્યાપીઠ પણ છે જ.

પહેલાના જમાનામાં બાળકો ભણવા વિદ્યાપીઠમાં જતા હતાં જેવી કેનાલંદા વિદ્યાપીઠ, વલભીપૂર વિદ્યાપીઠ ભગવાન મહાવીરને પણ ભણવા મા -બાપે પાઠશાળામાં મૂકયા હતા અને જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

આપણા આચાર્ય ભગવંતો એ પણ વિદ્યાપીઠમાં ભણી સાધના કરી સિધ્ધી હાંસલ કરી અને આપણા માટે જ્ઞાનગંગા વ્હાવી છે.

''સમ્યક જ્ઞાન''દ્વારા આપણા આંઠે કર્મનો ક્ષય કરી શકાય છે. અત્યારે તો દેશ-વિદેશના લોકો પણ ટ્યુશન દ્વારા, પાઠશાળા દ્વારા બધેજ ''સમ્યક જ્ઞાન'' પ્રાપ્ત કરી રહ્યા છે.

''સમ્યક જ્ઞાન'' માં જૈન ધર્મની મહાનતા, જીવહિંસા, જીવદયા, દાન, શીલ, તપ કેવી રીતે કરવું તે બધું જ બતાવે છે. જ્ઞાન ગંગા પણ વ્હાવે છે.

''સમ્યક જ્ઞાન'' માં ભગવાન મહાવીરની વાણીની કથા સૂચનમાં એક એક વાતથી આપણા જીવનનું, ભૂતકાળના વર્તનથી કેવું ફળ મળશે તે જાણી શકાય છે. અને પ્રાયશ્ચિત પણ કરી શકાય છે. અને આપણાં ભાવિ સૂધારીને પુણ્ય ભાથું પણ સહેલાઈથી બાંધી આપણા જીવને તારી શકાય છે.

''સમ્યક જ્ઞાન'' ભણવા કોઈ ઉંમરની બાધા નથી જ્યારે ભણવું હોય ત્યારે ભણી શકાય છે, જાગ્યા ત્યારથી સવાર સમજી જીવી શકાય છે. કુમારપાળ મહારાજ ૫૭ મે વર્ષે ભણ્યા હતા.

આપણા ૨૪ તીર્થકરોએ પણ ''સમ્યક જ્ઞાન'' પ્રાપ્ત કર્યું છે. અને હાલ પણ સાધુ સાધ્વી ભગવંતો પણ પ્રાપ્ત કરે છે. તો આપણે શા માટે વંછીત રહીએ. આપણે સૌ પણ બને તેટલું જ્ઞાન જાણવું જ જોઈએ. અને પાપકર્મોનો નાશ કરવો જોઈએ ''માટે તો કે માનવી''

***''જો જો મોડો ના પડીશ, જે જાગે તે પામે છે.***
***જે ઉંઘે તે હારે છે. ''***

❑ **ચિ. ધાર્મિક દિલેશ શાહ**

❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊❊

## जल ही जीवन है

अनमोल वस्तु है जल,
घट रहा है हर पल ।
क्या मिलेगा हमें फूल और फल ?
फिर क्या होगा हमारा कल ?

गंगा में बहता पानी
हरिद्वार में बैठी हमारी नानी ।
गंगा के मुख पर शिवजी कि कहानी ।
क्या कल आएगा हमारे नल में पानी ?

पानी चाहिए हमें नहाने के लिए,
पानी चाहिए हमें पिने के लिए,
पानी चाहिए वृक्षों के लिए,
पानी चाहिए हमें भविष्य के लिए ।

पानी में बढता प्रदूषण,
जल अपव्यय हो रहा हर`क क्षण
पानी बचाओ है मनुष्य जन
नहीं तो न रहेगा यह अमूल्य जीवन ।



पानी से बने हम बलवान,
सब किजीए जल का सम्मान ।
समझलो हर एक इन्सान,
नहीं मिलेगा दोबारा ऐसा जीवन दान।

❑ **आरूषी राजीव शाह**


### લગ્નસંબંધી

| | | | |
|---|---|---|---|
| **Name** | : **RAKSHIT SHAH** | | |
| **Father's Name** | : Kaushik Shah | **Mother** | : Chhaya Shah |
| **D.O.B.** | : 14 Nov 1982 | **Resi** | : Gowalia Tank (Mumbai) |
| **Patan Mohalla** | : Tamboli Vado | | |
| **Education** | : MBA (Finance) - Sydney, BCom (Accounting)- Mumbai | | |
| **Occupation** | : Business - Portfolio Management<br>Former Investment Banker | | |
| **Contact** | : **9820535641 / 9820850106** | | |

જા x ખ

# Shri Vile-Parle Kelvani Mandal :- Bouquet of Courses

## SVKM NMIMS Deemed to be University
## SCHOOL OF BUSINESS MANAGEMENT (SBM)

***Full Time Programmes Course Duration***

| | |
|---|---|
| MBA - Core | 2 years |
| MBA (Actuarial Science) | 2 years |
| MBA (Banking Management) | 2 years |
| MBA (Capital Markets) | 2 years |
| MBA (Pharmaceuticals Management) | 2 years |
| MBA Entrepreneurship and Family Business | 2 years |
| Ph.D. Programme in Management | 3-5 years |

***Part Time Programmes***

| | |
|---|---|
| MBA Marketing, Finance, HRM operations | 3 years |
| MBA in social Entrepreneurship | 3 years |

***Diploma Programmes***

| | |
|---|---|
| Family Managed Business Administration (G-MBA) | 1 year |
| Management Programme for Executives (MPE) | 22 months |

***CERTIFICATE COURSES***

| | |
|---|---|
| PGDHR | 20 months |
| Enteprise Training Programme for Women (ETW) | 3 months |

***BENGALURU CAMPUS***

| | |
|---|---|
| PGDM | 2 years |
| Management programme for Executives (MPE) Certificate Course | 22 months |

## MUKESH PATEL SCHOOL OF TECHNOLOGY MANAGEMENT AND ENGINEERING (MPSTME)

***MUMBAI CAMPUS***

| | |
|---|---|
| MBA (B. Tech + MBA) dual Degree (I. T. Telecom, Chemical, Manufacturing, Civil) | 5 years |
| B. Tech (I. T. ,Computer, Electronic & Telecom-munication, Mechanical, Civil Engineering) | 4 years |
| M. Tech. (Full Time) (I. T., Computer, Electronics, Electronics & Telecommunication) | 2 years |
| Master of Computer Applications (MCA) | 3 years |
| Ph. D. (Engineering) | 3-5 years |

***SHIRPUR CAMPUS***

| | |
|---|---|
| MBA (B. Tech + MBA) dual Degree (I. T. Telecommunication, Computers, Manufacturing, Civil) | 5 years |
| B. Tech. I. T. ,Computer, Electronic & Telecom, Mechanical, Civil | 4 years |

## SCHOOL OF PHARMACY AND TECHNOLOGY MANAGEMENT (SPTM)

***MUMBAI CAMPUS***

| | |
|---|---|
| B. Pharma | 4 years |
| MBA (Pharma Tech.) Dual Degree Programme | 5 years |
| M. Pharma (Full Time) (Pharmaceutics, Pharm. Chemistry, Pharmacology, Clinical Pharmacy, Quality Assurance, Pharm, Biotechnology) | 2 years |
| M. Pharma. (Part Time) (Pharmaceutics, Pharmacology) | 3 years |
| M. Sc. in applied Pharm analysis/Pharma | 2 years |
| Microbiology | 2 years |
| Ph D. | 3-5 years |

***SHIRPUR CAMPUS***

| | |
|---|---|
| B. Pharm | 4 years |
| MBA (Pharma. Tech.) dual Degree Programme | 5 years |
| M. Pharm. (Full Time) (Pharmaceutical, Pharmacology, Pharmaceutical Chemistry, Quality Assurance) | 2 years |

## BALWANT SHETH SCHOOL OF ARCHITECTURE

| | |
|---|---|
| B. Arch | 5 years |

## ANIL SURENDRA MODI SCHOOL OF COMMERCE

| | |
|---|---|
| B.B.A. | 3 years |
| B.com (Hons.) | 3 years |
| PGDBM (Tourism) | 1 year |

## SCHOOL OF SCIENCE

| | |
|---|---|
| Post Graduate Diploma in Medical Laboratory Technology (PGDMLT) | 14 months |
| Post Graduate Dimploma in Industrial Analytical Chimistry (PGDIAC) | 14 months |
| M. Sc. (Statistics) | 2 years |
| Intergrated M.Sc. Ph.D. Biological and Chemical Sciences | 5 years |
| Ph.D Biological Science and Chemical Sciences | 3 years |

## INSTITUTE OF INTELLECTUAL PROPERTY STUDIES

| | |
|---|---|
| Post Graduate Diploma in Patent Law and Practice | 1-year (weekend) |
| Certificate Course in Intellectual Property | 4 months (weekend) |
| Diploma course in Cyber Law Management | 6 months |

## MITHIBAI COLLEGE OF ARTS, CHAUHAN INSTITUTE OF SCIENCE, AMRUTBEN JIVANLAL COLLEGE OF COMMERCE & ECONOMICS

(Mumbai University) Degree Course

| | |
|---|---|
| Bachelor of Arts [B.A.] | 3 years |
| Bachelor or Commerce [B.Com] | 3 years |
| Bachelor of Science [B.Sc.] in Computer Science, Biotechnology, Biochemistry | 3 years |
| Bachelor of Management Studies [B.M.S.] | 3 years |
| Master of Science [M. Sc.] | 2 years |
| M.Sc. Ph.D. | 3 years |

## NARSEE MONJEE COLLEGE OF COMMERCE & ECONOMICS

(Mumbai University) (Degree Course)

| | |
|---|---|
| Bachelor of Commerce [B. Com] | 3 years |
| Bachelor of Management Studies [B.M.S.] | 3 years |

## DWARKADAS J. SANGHVI COLLEGE OF ENGINEERING

| | |
|---|---|
| Bachelor of Engineering (Electronics & Telecommunication, Computer, Electronics, Information & Techmology, Production, Chemical, Biomedical | 4 years |

## SHRI BHAGUBHAI MAFATLAL POLYTECHNIC

Engineering - Diploma course

| | |
|---|---|
| (Civil, Mechanical, Electrical, Industrial, Plastic, Chemical, Digital Electronics) | 4 years |
| Computer Engineering & Information Technology | 3 years |
| Post Diploma in Computer Applications | 18 months |

## USHA PRAVIN GANDHI COLLEGE OF MANAGEMENT

Mumbai University [Degree Course]

| | |
|---|---|
| Bachelor of Management Studies [BMS] | 3 years |
| Bachelor of Mass Media [BMM] | 3 years |
| Bachelor of Science [I.T.] | 3 years |

## DR. BHANUBEN NANAVATI COLLEGE OF PHARMACY

Mumbai University (Degree Course)

| | |
|---|---|
| Bachelor in Pharmacy [B. Pharm] | 4 years |

## JITENDRA CHAUHAN COLLEGE OF LAW

Mumbai University (Degree Course)

| | |
|---|---|
| L.L.B. (Full time Evening College) | 3 years |

## PRAVIN GANDHI COLLEGE OF LAW [5 year course]

Mumbai University (Degree Course)

| | |
|---|---|
| L.L.B. (Full Time) | 5 years |

## INSTITUTE OF INTERNATIONAL STUDIES

| | |
|---|---|
| Bachelor in Business Administration<br>B.A. (Hons)<br>Bachelor in International Business | 2 years in Mumbai<br>3rd year in kingston, U.K. |

## HARKISAN MEHTA FOUNDATION INSTITUTE OF JOURNALISM & MASS COMMUNICATION

| | |
|---|---|
| Diploma Course in Journalism | 1 year |
| Diploma in Advertising & Public Relationship | 1 year |
| Diploma in Creative Writing & Film Appreciation | 1 year |

## NMIMS

School of Economics

| | |
|---|---|
| B.Sc. Economics | 3 years |

## MITHIBAI COLLEGE OF ARTS, CHAUHAN INSTITUTE OF SCIENCE & AMRUTBEN JIVANLAL COLLEGE OF COMMERCE & ECONOMICS

| | |
|---|---|
| B. Com (Accountancy & Finance) | 3 years |
| B. Com (Banking & Insurance) | 3 years |
| B. Com (Financial Market) | 3 years |
| M. Com (Accountancy) | 2 years |
| M. Com (Business Management) | 2 years |

## NARSEE MONJEE COLLEGE OF COMMERCE & ECONOMICS

| | |
|---|---|
| B. Com (Accountancy & Finance) | 3 years |
| B. Com (Banking & Insurance) | 3 years |
| B. Com (Financial Market) | 3 years |
| M. Com (Accountancy) | 2 years |

## લગ્ન સંબંધી



| | |
|---|---|
| **Name** | : **CHINTAN DEEPAK PATANI** |
| **Father's Name** | : Deepak Sevantilal Patani |
| **Mother's Name** | : Sheela Deepak Patani |
| **Date of Birth** | : 12th September, 1984 |
| **Time & Palce** | : 1.30 pm - Mumbai |
| **Height** | : 5'.8" |
| **Patan Mohalla** | : Fofaliya Wado, Manmohanji Ni Sheri |
| **Education** | : M.S. Computer Engineering (Boston U.S.A.)<br>B.E. Computer Engineering-Mumbai |
| **Occupation** | : Cambrige Energy Solution (Boston, U.S.A.) |
| **Phone/Mob.** | : **26777940 / 9324177940** |
| **Email** | : ptni@hathway.com |

**Visiting India in December 2010**

## આવી ઉદાસી કેમ ?

જૈન સમાજ તેમાંય ખાસ કરીને આપણો પાટણનો જૈન સમાજ ખૂબ જ દીર્ઘદૃષ્ટિ ધરાવતો સમાજ છે, એનો અંદાજ તો આપણે વરસો પહેલા ઓછી આવકવાળા સમાજના સભ્યો માટે બનાવેલા મરીનડ્રાઈવના રહેઠાણો ઉપરથી આવે છે, પણ હમણા પાટણ પ્રતિબિંબના મે, જુલાઈ ના અંકોમાં શ્રધ્ધાંજલિ વાંચતા આંચકો પામી જવાયું. ૨૧ વ્યક્તિની અવસાન નોંધ હતી પણ એમાંથી માત્ર એક જ વ્યક્તિએ ચક્ષુદાન કર્યું હતું. ત્વચાદાન તો કોઈનું પણ ન હતું શું આ આપણા સમાજની ઉદાસીનતા નથી ? જો સમાજ સજાગ હોત તો કદાચ ઓછામાં ઓછી ૨૦ વ્યક્તિઓને નવી દૃષ્ટિ મળી હોત તેમજ ત્વચાદાનથી પણ દાઝી ગયેલી કોઈ નવોઢાને કે કોઈ મા - બેનને આ ત્વચાથી જલ્દી સાજા થવામાં ઘણી જ રાહત થઈ હોત.

પાટણ પ્રતિબિંબમાં રક્તદાન, ચક્ષુદાન, ત્વચાદાન તેમજ દેહદાન માટે અપીલ તો આવે છે પણ એ માટે કોનો સંપર્ક કરવાથી આ શક્ય બને છે એ માટે એમના ટેલીફોન તેમજ મોબાઈલ નંબર આપવા જરૂરી છે. આ ઉપરાંત ઘાટકોપરના ભૂપતભાઈ જેણે ચક્ષુદાન કર્યુ તેને ત્યાં નિઃશુલ્ક પ્રાર્થના કરવા જાય છે. એની માહિતી જો શ્રધ્ધાંજલીમાં સાથે સાથે આપવામાં આવે તો એ આપણા સમાજની ઉદાસીનતા દૂર કરવામાં મદદ કરશે.

તમે કે તમારો પરિવાર સમાજને કંઈપણ સહાય ન કરી શકો એમ હોય તો પણ આ ચક્ષુદાન, ત્વચાદાન કે દેહદાન કરવામાં માત્ર એક 'ફોન' કરવાનો છે. શું આપણો સમાજ એટલું પણ ન કરવા જેટલો ઉદાસ છે એ વિચારવા જેવો પ્રશ્ન છે.

❑ શ્રી રમેશભાઈ ચીમનલાલ શાહ

### લેખકોને આહવાન

**પાટણ પ્રતિબિંબના ડીસેમ્બર વિશેષાંક માટે સમાજના સર્વે સાહિત્ય રસિકોને પોતાની સુંદર મૌલિક કૃતિ-લેખ-કાવ્ય તા. ૧૫.૧૧.૨૦૧૦ સુધીમા મોકલાવી આપવા વિનંતી કરવામાં આવે છે. પ્રકાશનના સર્વ હક્ક સંપાદક સમિતીને રહેશે જેની નોંધ લેશો.**

❑ સંપાદક સમિતિ

### બાવરી

મુકુટ, મોરપીંછ બન્ને માધવના બેલી,
કાલિંદી કાંઠે, કદંબ ડાળે પંખીની કેલી !

મધુવન મોરલી લઇ ભમ્યો કેડી કેડી,
કન્હૈયા સુરાવલી બંસીની તે કેવી છેડી !

તારા હોઠના કંપન બન્યા ગોપીની બેડી,
રાધા બાવરી ભાન ભૂલી બેઠી મેડી !

મૈયા યશોદાના સાદે માખણ રેડું મેલી,
પ્રણય ઘેલી ગોપીઓની કરી અટખેલી !

કુંજગલીની કુંજે રાસ રમઝટ ખેલી,
નૈન નિતર્યા રાધાના અશ્રુ કેરી રેલી !

❑ શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ

પ્રસંગ કથા

## સૌથી કીમતી ભેટ

તુર્કીસ્તાનના ક્રાંતિકારી નેતા અને રાષ્ટ્રપતિ મુસ્તફા કમાલ પાશાએ દેશની સિકલ પલટી નાખી. રાષ્ટ્રનું આધુનિકીકરણ કર્યું અને પ્રગતિનાં નવાં પગલાં ભર્યાં. કમાલ પાશાની વર્ષગાંઠ નિમિત્તે પ્રજા પોતાના પ્રિય નેતાને માટે ભેટસોગાદો લઈને આવી. ઉત્સવમાં એક પછી એક ભેટસોગાદો આપવામાં આવી. કમાલ પાશાએ નતમસ્તકે એનો સ્નેહથી સ્વીકાર કર્યો. અને ઉત્સવ પૂરો થતાં પોતાના ખંડમાં આરામ માટે ગયા.

એવામાં ગામડાનો એક વૃદ્ધ આવી પહોંચ્યો. એ પોતાના પ્રિય નેતાને માટે ભાવપૂર્વક ભેટ લાવ્યો હતો, પરંતુ ઉત્સવ તો સમાપ્ત થઈ ગયો હતો.

કમાલ પાશાના સચિવે કહ્યું, 'તમે મોડા પડયા. ઉત્સવ ક્યારનોય પૂર્ણ થઈ ગયો છે અને કમાલ પાશા અત્યારે કરી રહ્યા છે.'

વૃદ્ધે કહ્યું, 'ભાઈ, ત્રીસ માઈલ દૂરથી હું આવું છું. આને કારણે મોડું થયું. તમે કમાલ પાશાને વિનંતી કરો કે તેઓ મારી ભેટે સ્વીકારે.'

સચિવે કમાલ પાશાને સૂચના મોકલી. કમાલ પાશા પોતાના ખંડમાં આરામથી સૂતા હતા, પરંતુ દૂરના ગામડામાંથી મળવા આવેલા વૃદ્ધનો સત્કાર કર્યો. એ વૃદ્ધ જે ભેટ લાવ્યા હતા. તેનો સ્વીકાર કર્યો. ભેટમાં માટીની નાનકડી હાંડીમાં મધ લઈને આવ્યા હતા.

વૃદ્ધે જાતે એ મધ પરનું માટીનું વાસણ ખોલ્યું. રાષ્ટ્રપતિ કમાલ પાશાએ બે આંગળીથી મધ લઈને ચાટયું. બીજી બે આંગળીથી એ વૃદ્ધને ખવડાવ્યું અને કહ્યું,

'બાબા, મારે મન સૌથી કીમતી ભેટ આ છે.'

**********************************

### પાટણ સમાજનું ગૌરવ

- શ્રી પાટણ જૈન મંડળના પ્રોગ્રામ સમિતિના માનદ્ મંત્રી શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહના સુપુત્ર **ચિ. અમિષ** પરેશભાઈ શાહે, મુંબઈ યુનિવર્સિટીમાંથી બી. ઈ. ની ડીગ્રી (First Class) પ્રાપ્ત કરી છે. અમેરીકન સોસાયટી ઓફ માસ્ટર ડેન્ટલ પ્રોસ્થોલોજીસ્ટ, (ન્યુર્યોક) ASMDT બોર્ડમાંથી ડેન્ટલ ટેક ના કોર્સમાં 99% માર્કસ અંકે કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આ અભ્યાક્રમમાં પ્રથમ ક્રમાંક મેળવણાર પ્રથમ ભારતીય હોવાનું તેમને પ્રસ્થાપિત કર્યું છે, શૈક્ષણિક ક્ષેત્રે તેમની રસ રૂચિ તેમના વિદ્યાર્થી જીવનમાં અનન્ય રહી છે. સંસ્થા ભાઈ અમિષના ઉજ્જ્વલ ભવિષ્યની કામના કરી હાર્દિક અભિનંદન પાઠવે છે.
- શ્રી અજીતભાઈ ચંદ્રકાંત ઝવેરી (કેશુશેઠનો પાડો - અંધેરી) ના સુપુત્ર **ચિ. જયે** S.P. જૈન સેન્ટર ઓફ મેનેજમેન્ટ દુબઈ/ સીંગાપોર ખાતે રહી ગ્લોબલ M.B.A. નો ૧ વર્ષનો કોર્ષ કરેલ છે. અને તેના બંને સેમીસ્ટરમાં મેરીટ લીસ્ટ (Dearis List) માં રેંક મેળવેલ છે. જે બદલ તેમને Gold Medal એનાયત કરવામાં આવેલ છે. તે બદલ અભિનંદન
- શ્રી પ્રજ્ઞેશ સુરેશચંદ્ર શાહ (વખતજીની શેરી - બોરીવલી) ની સુપુત્રી **ચિ. રાશી** (ઉ. વ. ૧૨) એ તા. ૯.૬.૨૦૧૦ ના ઈસ્કોન - જુહૂ ખાતે આરંગેત્રમની મનોહર રજુઆત કરી શ્રોતાઓના મનમોહી લીધેલ. તેના ગુરૂ શ્રી રવી શર્મા છે તેણે સંગીત તથા નૃત્યનો અભ્યાસ શ્રી રવિશંકર વિદ્યા મંદિર ખાતે પ્રાપ્ત કરેલ છે. ચિ. રાશીએ નાની વયમાં મેળવેલ ઉપલબ્ધિ બદલ અભિનંદન

## મરીન ડ્રાઈવ ખાતે ચાર્તુમાસનો પર્યુષણ સુધીની આરાધનાનો અહેવાલ

**શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટના** આંગણે ચાલુ વર્ષમાં ચાર્તુમાસાર્થે પધારેલ પ. પૂ. પંન્યાસજી કૈવલ્યબોધિવિજયજી મ. સા. તથા પ. પૂ. વ્યાખ્યાનકાર પં. પદ્મબોધિવિજયજી મ. સા. ના સાનિધ્યમાં વ્યાખ્યાન , રવિવારીય શિબીર, પર્યુષણ પર્વની સુંદર આરાધના ઉમંગ અને ઉલ્લાસ્મય વાતાવરણમાં થયેલ.

પર્યુષણ સુધીના પાંચ રવિવારે સવારે ૯ થી ૧ દરમ્યાન ૧૫ થી ૪૫ વર્ષની યુવાનો માટે જીવન પરિવર્તન શિબીર અંતર્ગત પ્રેમની પાંચ પરિભાષા, ક્રોધ ઉપર કાબુ, નવકાર મંત્ર કેવી રીતે ગણવો, પૂજા શિબીર, જૈન શાસની ગઈકાલ, આજ, આવતીકાલ આદિ વિષય ઉપર પૂ. પદ્મબોધિવિજયજી મ. સા. દ્વારા સુંદર પ્રકાશ પાડવામાં પાડેલ.

આ ઉપરાંત દર રવિવારે સવારે ૭.૦૦ થી ૮.૩૦ ૫ થી ૧૫ વર્ષના બાળકો માટે સામુદાયિક અષ્ટપ્રકારી પૂજાનું આયોજન સંગિતના સથવારે કરેલ તેમાં વહેલી સવારે પણ લગભગ ૧૨૫ જેટલા બાળકો ઉલ્લાસભેર ભાગ લેતા જેઓનું યોગ્ય ગીફ્ટ આપી બહુમાન કરવામાં આવેલ.

ઉપરાંત દર રવિવારે બપોરના ૨.૩૦ થી ૪.૩૦ ૧૦ થી ૧૫ વર્ષના ટીનએર્જસને માટે શિબીર યોજેલ જેમાં લગભગ ૮૦ થી ૯૦ બાળકો ભાગ લેતા હતા અને જૈન ધર્મનું તત્વજ્ઞાન, જૈન ઇતિહાસ, સંસ્કારમય વાર્તાઓ દ્વારા તેમના જીવન ઘડતરનો પ્રયત્ન કરવામાં આવેલ.

દર શનિવારે પ. પૂ. પદ્મબોધિવિજયજી મ. સા. સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ ઇતિહાસની અટારીએથી અંતર્ગત પાટણનો ગૌરવવંતો ઇતિહાસ કે જે હજુ આપણા જાણમાં નહોતો આવેલ તેની રસસભર રજૂઆત કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરેલ.

પર્યુષણ પર્વ દરમ્યાન અષ્ટનિહકા પ્રવચન તથા કલ્પસુત્ર વાંચન દ્વારા જૈન ધર્મની અતિ સુક્ષ્મમાં સુક્ષ્મ માહિતી રજુ કરી ભક્ત જનોના મન મોહી લીધેલ.

ચાલુ વર્ષે પ્રથમ વાર સામુદાયિક તપસ્વી પારણાનુ આયોજન મંડળના પરિસર તથા સભાગૃહમાં યોજવામાં આવેલ, જેમાં ૬૫ જેટલા તપસ્વીઓને પારણા કરાવવામાં આવેલ.


શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

ESTD : 1998

**તેરમાં વર્ષમા પ્રવેશ**

**૧૧ વર્ષથી પાટણ પરિવાર ના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો**

**અલ્પા મેરેજ બ્યુરો**



આપણા માટે નવી સુવીધા સાથે.... ડાયરેક્ટ મીટીંગ ની વ્યવસ્થા

સ્પેશ્યલ ક્લાસ માટે ઈ-મેઈલ ફેશીલીટી, **વધુ વિગત માટે સંપર્ક :**

**શ્રીમતી અલ્પા શાહ : 9823218746**

**સમય :** 9 to 12 સાંજે 7 to 10 • **Email :** alpashah5@yahoo.co.in

દર અમાસે અમારો મેરેજ બ્યુરો બંધ રહેશે. જા X ખ


## ''દિશા'' અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ વિકલાંગ ઉત્કર્ષ સમિતી - દિશા ના નેજા હેઠળ યાત્રા-પ્રવાસ પીકનીક, પિક્ચર, મેડીકલ કેમ્પ, વોકેશનલ કેમ્પ, કાઉન્સેલીંગ વગેરે કાર્યક્રમો અવાર-નવાર યોજાય છે. પણ નેત્ર- નિદાન (આઈ ચેક-અપ કેમ્પ) પહેલી વખત જ દિનેશભાઈ રસીકલાલ શાહ ના પ્રમુખપદ હેઠળ યોજાયો.

ડૉ. સરોજ સંઘવીના અથાગ પ્રયત્નથી તથા "Lions Club of Tardeo" ના સહયોગ થી તા. ૯.૧૦.૨૦૧૦ ના રોજ સવારના ૧૦.૦૦ થી ૨.૦૦ દરમ્યાન પાટણ જૈન મંડળના હોલ મરીન ડ્રાઈવ ખાતે આઈ ચેક્અપ કેમ્પનું આયોજન થયુ હતું.

અતિથિવિષેશ તરીકે માનવંતા પ્રમુખ તથા દીશાના ભીષ્મપિતા શ્રી જે. કે. શાહ ઉપસ્થિત રહ્યા હતા. તથા લાયન્સ ઈન્ટરનેશનલ ગર્વનર લાયન શ્રી નીતીન ખંભાતી તથા લાયન્સ ક્લબ તારદેવના પ્રેસીડેન્ટ શ્રી હિમાંશુ ત્રિવેદી પણ ઉપસ્થિત રહ્યા હતા. Lion શ્રી નગીનભાઈ ગોપાણીના પ્રયત્નથી જ આ કેમ્પ આટલો સફળ રહ્યો હતો.

આ કેમ્પમાં દિશા વિકલાંગ ના બાળકો સાથે તેમના કુટુંબીજનો તથા જરૂરીયાત વાળા કુલ ૨૫૯ જણાનું ચેકઅપ થયુ તથા ૧૨૭ જણાને ચશ્મા ફ્રી અપાયા હતા. ઉપરાંત સાત વ્યક્તિને ચશ્મા તથા ત્રણ વ્યક્તિને મોતીયાના આપરેશન માટે પ્રયત્ન ચાલે છે. આ પ્રસંગે શ્રી નીલેષભાઈ ભદ્રકુમાર શાહના જન્મદિન નિમિત્તે અલ્પાહારનું આયોજન થયુ. સઘળા કાર્યક્રમની વ્યવસ્થામા મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોષી તથા અન્ય કર્મચારી ગણ તરફથી સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ.

અંતમા સમિતિના માનદમંત્રીઓ શ્રીમતી હિનાબેન યશમુખ શાહ તથા શ્રીમતી પ્રેમીલાબેન ભદ્રકુમાર દ્વારા આભારવિધી બાદ પ્રોગ્રામ પૂર્ણ થયો.

## સંસ્થા સમાચાર

- પાટણ માં કનાસાના પાડામાં ૭૦ વર્ષ જુની શ્રી ભુવન વિજયજી જૈન પાઠશાળા નો એક દિવસીય યાત્રાપ્રવાસ તા. ૩-૧૦-૧૦ ના રોજ નંદાસણ, માતર, રાસ્કા મુકામે રાખેલ જેમાં બાળકો, બાલિકાઓ તથા બહેનો એમ કુલ ૬૦ વ્યક્તિઓ એ ભાગ લીધેલ.
- **શ્રી પાટણ જૈન મિત્ર મંડળ, પૂના** - દ્વારા તા. ૨૪ થી ૨૭ સપ્ટેબર દરમ્યાન ચૈત્ય પરિપાટી - પુનાથી ભોયણી - રાંતેજ - ચારૂપ - પાટણ - મહેસાણા યોજાયેલ. જેનો સમાજના લગભગ ૬૦ સભ્યોએ લાભ લીધો હતો. યાત્રાના મુખ્ય દાતાશ્રી દિપકભાઈ કીર્તીલાલ શાહ તેમજ સહ દાતાશ્રી અજીતભાઈ રમણલાલ શાહ હતા. શ્રી પાટણ પાંજરાપોળ - ખલીપુર માટે શ્રી કુમુદચંદ્ર બાપુલાલ શાહે રૂા. ૧ લાખનો ચેક પાટણના વ્યવસ્થાપક સમિતિના પ્રમુખ શ્રી છનાલાલ પ્રેમચંદ શાહને મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈના હસ્તે અર્પણ કરેલ. તેજ સમયે પ્રમુખશ્રીએ મંડળ તરફથી રૂા. ૩૧૦૦/- નો ફાળો લખાવેલ. સમગ્ર યાત્રા દરમ્યાન સભ્યોએ ધાર્મિક ભક્તીભાવનો આનંદ લીધેલ.

## એથલેટીક્સ સ્પર્ધા



શ્રી પાટણ જૈન મંડળની સ્પોટર્સ સમિતી દ્વારા ગત વર્ષની માફક ચાલુ સાલે પણ યોજાયેલ એથલેટીક-આઉટડો ગેમ સ્પર્ધામાં સમાજના દરેક વય જૂથના ભાઈ-બહેનો ભાગ લઈ શકે તેવા શુભઆશયથી ૫ થી ૭ વર્ષ, ૮ થી ૧૦ વર્ષ, ૧૧ થી ૧૩ વર્ષ, ૧૪ થી ૧૮ વર્ષ, ૧૯ થી ૨૫ વર્ષ અને ૨૬ થી ૩૫, ૩૬ થી ૪૫ વર્ષ, ૪૬ થી ૫૫ વર્ષ, અને ૫૬ વર્ષની ઉપર એમ ગ્રુપો બનાવી ૫૦ મીટર દોડ, લીંબુચમચી, દેકડા દોડ, બોલ કલેક્ટ, ૮૦ મીટર દોડ, કોથળા કુદ, વિઘ્ન દોડ, ૧૦૦ મીટર દોડ - હાઈ જમ્પ, લાંબો કુદકો, ૨૦૦ મીટર દોડ, ગોળાફેંક, ૪૦૦ મીટર ચાલવાનુ, ૯ થી ૧૨ વ્યક્તિઓની ટીમ સાથે દોરડા ખેચ, સંગીત ખૂરશી (પુરૂષ અને સ્ત્રીઓની જુદી જુદી) ત્રણ પગે બાંધી પરિણીત યુગલની દોડ, વગેરે સ્પર્ધાઓ રાખવામાં આવી છે.

ઉપરોક્ત દરેક સ્પર્ધાઓમા સમાજના વધુને વધુ ભાઈ-બહેનો જોડાય અને મંડળના આ પ્રયાસને સફળ બનાવે તેવો હાર્દિક અનુરોધ કરવામાં આવે છે.

***દિનાંક : રવિવાર, તા. ૧૨-૧૨-૨૦૧૦***
***સ્થળ : યુનીવર્સીટી પેવેલીયન, મરીન ડ્રાઈવ***

મજકૂર સ્પર્ધાઓમા જોડાનાર દરેક વ્યક્તિએ દરેક ગેમ દીઠ રૂ.૧૦/- ની પ્રવેશ ફી તથા ફોર્મ ભરીને મંડળના નીચે મુજબના કાર્યાલયોમા મોકલાવી આપી સમિતિનો ઉત્સાહ વધારશો એવો વિશ્વાસ છે.

**શ્રી પાટણ જૈન મંડળ મુખ્યકાર્યાલય**
**૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨૦**
**સમય : ૧૧.૦૦ થી ૧.૩૦ • ૨.૦૦ થી ૬.૦૦**

**શ્રી પાટણ જૈન મંડળ - ગોરેગામ**
**૧૫૨, જવાહર નગર, ગ્રાઉન્ડ ફ્લોર, ગોરેગામ (વે), મુંબઈ -૬૨**
**સમય : ૧૦.૦૦ થી ૧.૦૦ • ૪.૦૦ થી ૭.૦૦**

**શ્રી પાટણ જૈન મંડળ - બોરીવલી**
**A/૨૩/૧ રતન નગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઇ), મુંબઈ -૬૮**
**સમય : ૯.૩૦ થી ૧૨.૩૦ • ૩.૩૦ થી ૬.૩૦**

**ખાસ નોંધ - આપના ગ્રુપના અથવા વિસ્તારના સભ્યો પુરા થતા ન હોય કે આપ વ્યક્તિગત રમવાની ઇચ્છા ધરાવતા હો તો પણ મંડળના કાર્યાલયમા નામ જણાવશો.**

**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫.૧૧.૨૦૧૦**

❑ **સ્પોટર્સ સમિતિ**

## Boss આ પાટણ છે.........

*અહીં જ્ઞાનના ઉજાસ છે.*
*આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીના પુસ્તકોનો ભંડાર છે.*
*શ્રી પંચાસરા પાર્શ્વનાથપ્રુભુજી બિરાજમાન છે.*
*શ્રી અષ્ટાપદપ્રભુજી, શ્રી શામળાજી પ્રભુજીના આર્શીવાદ છે.*
***ભઈ સાંબ,...... આ પાટણ છે...... !***

*અહીંયા ૮૪ મોટા તેમજ ૧૩૪ નાના દેરાસર છે.*
*૧૦૮ પાર્શ્વનાથ ભગવાનમાંથી દસ પાર્શ્વનાથપ્રભુજી પાટણમાં બિરાજમાન છે.*
*પદમાવતીમાતા, કરંડિયાવીર, મણીભદ્રવીર સાક્ષાતકાર છે.*
***દોસ્ત,...... આ પાટણ છે...... !***

*અહીંયા ૪૪ નાનામોટા મહોલ્લા છે.*
*સાથે દોશીવટ ઘીવટો અને ગંજબજાર છે.*
*''પટોળા'' લેવાં દેશવિદેશથી લોકો આવે છે.*
*શરબત પીતાં, પેંડા અને દેવડા લેતા જાય છે.*
***અલ્યાં,...... આ પાટણ છે...... !***

*રાજા જયસિંહનું બંધાવેલ સહસ્ત્રલીંગ તળાવ છે.*
*સાથે સાથે સાતમાળની રાણકીવાવ છે.*
*શૌર્યનો સહવાસ છે; પ્રજા શૂરવીર છે.*
***યાર, ...... આ પાટણ છે...... !***

*ભોજનમાં ખીર છે, સંસ્કારના ખમીર છે,*
*સોનેરી પ્રભાત છે ,*
*ઉજળું તકદીર છે*
Yes, ***...... આ પાટણ છે...... !***
*અહીંયા ગરબા રાસ છે, વિકાસની વાત છે,*
*તીર્થતણો પ્રવાસ છે, સંઘળી નાત જાત છે,*
*કેવું સુંદર મજાનું આપણું આ ગામ છે.*
Boss, ***...... આ પાટણ છે...... !***

❑ ***શ્રી દિપકભાઈ ગુણવંતલાલ શાહ (પૂના)***


**લગ્નસંબંધી**
**યુવકનું નામ : સૌમીલ ધીરેન શાહ**
**માતા-પિતા :** જયશ્રી ધીરેન કાંતીલાલ શાહ (કોહીનૂરવાલા)
**Birth Date :** 12-3-1983 • **Height :** 5'-11" • ચૌધરીની શેરી
**Study** : B.A. (Bachelor in Economics, U.S.A)
**Staying** : Tokyo (Japan) **Working** : Tokyo
**Cont. No.** : **9820102779 / Resi. No. 23533761**
**Email ID** : jayshreedhiren@gmail.com
parul1203@gmail.com
**(ડિસેમ્બરમાં ભારત ટૂંક સમય માટે આવનાર છે.)** જા x ખ

લગ્ન પ્રસંગે તેમજ નાના મોટા શુભ પ્રસંગોએ ઉત્તમ સર્વિસ સાથે સંતોષજનક તથા વ્યાજબી ભાવે જમણવાર - કેટરીંગ કરી આપીશું.
**સાગર કેટરર્સ**
**(જૈન આહારના સ્પેશાલીસ્ટ)**
**ગણપતભાઈ** 98200 75788
**પ્રકાશભાઈ** 93222 63603
ચન્દ્રમણિ, ૭૮૮, હનુમાન રોડ, વિલેપાર્લે (ઇસ્ટ), મુંબઈ -૫૭
**ઓ :** 26117310 / 32970445 **ઘર :** 2683 1483 જા x ખ

## Simple Sentences to be Remembered always in Life!!

- Forgive everyone for everything;
- Life isn't fair but it's still good;
- Time heals almost everything. Give time, time;
- Don't' compare your life with others. You have no idea what their journey is all about;
- You don't have to win every argument. Agree to disagreements;
- Try to make at least three people smile each day;
- Each night before you go to bed complete the following statements: I am thankful for ………" Today I accomplished ........... "
- Call your family often;
- Dream more while you are awake;
- What other people think of you is none of your business;
- Sit in silence for at least 10 minutes each day;
- Enjoy the ride. Remember that this is not Disney world and you certainly don't want a fast pass. Make the most of it and enjoy the ride.
- Smile and laugh more. It will keep the energy vampires away.
- Don't take yourself so seriously. No one else does;
- Realize that life is a school and you are here to learn, pass all your tests. Problems are simply part of the curriculum that appear and fade away like algebra class but the lessons you learn will last a lifetime;
- Your job won't take care of you when you are sick. Your friends will. Stay in touch;
- No one is in charge of your happiness except you;
- Life is too short to waste time hating anyone;
- Spend more time with people over the age of 70 and under the age of 6;
- When you wake up in the morning complete the following statement, "My purpose is to …………… today.";
- Remember that you are too blessed to be stressed;
- Make peace with your past, so it won't mess up the present;
- However good or bad a situation is, it will change.
- Live with the 3 E's … "Energy", "Enthusiasm", "Empathy", and the 3 F's …"Faith", "Family", "Friends".

## તહેવારોનું મ્યુઝિયમ દિવાળી

એક વર્ષની સમયયાત્રા પૂરી થઈ. દિવાળી આવી. આ પર્વની જેટલી અધિરાઈથી આપણે પ્રતિક્ષા કરીએ છીએ એટલો ભાગ્યે જ બીજા કોઈ તહેવારની કરતાં હોઈશું. નવરાત્રી આવે છે ત્યાંરથી દિવાળીનો દિવસો નજીક આવી ગયા હોય તેમ લાગે છે.

દિવાળી એ તહેવારનું જ એક અજયબહાર મ્યુઝિયમ છે. શ્રી કાકાસાહૂેબ તો એને બધાય તહેવારનું સ્નેહમિલન કહીને દિવાળીને ભારે ગૌરવ આપ્યું છે. દિવાળી ગ્રહસ્થાશ્રમી તહેવાર છે. દિવાળી જનતાનો તહેવાર છે. દિવાળીને દિવસે લક્ષ્મી અને મિષ્ટાન પ્રધાનપદ ભોગવે છે. દિવાળી એટલે વર્ષનો છેલ્લો દિવસ અને છેલ્લી રાત. લાખ્ખો તારક ઝબકારોનો રાસ દિવાળી ની રાત્રીએ ઝબકી રહે છે. એનું સૌંદર્ય તો આ નરી આંખે જોવાથીય જો જાણી શકાતું હોય તો પછી મનની, ભીતરની આઁખે જોયેલી.... માણેલી સંસ્મરણોની દીપાવલીનું તો વર્ણન કઈ વાણીમાં કરી શકાય. અજવાળાની એક ક્ષણના ઝબકારમાં જીવનના રહસ્યને માણવાનો અવસર એટલે દીપમાળાની વણજાર. એક દીપ બીજા દીપની જ્યોત ન પ્રગટાવે તો તેની સફર અધૂરી રહે છે.

દિવાળી એટલે ઉત્સાહ .... દિવાળી એટલે પ્રેમ .... દિવાળી એટલે સૌંદર્ય .... દિવાળી એટલે માધુર્ય .... દિવાળી એટલે પ્રસન્નતા .... દિવાળી એટલે આનંદનું - ઉમંગનું - પ્રકાશનું પર્વ .... ખૂબ સાદા શબ્દોમાં કહીએ તો દિવાળી એટલે અમીરીનું, લોકશાહીનું અને પ્રેમની પહેચાન કરાવી આપતુ પર્વ છે. આ પર્વે બધાંજ સરખા હોય છે.

દિવાળીમાં આનંદનું વાતાવરણ સર્વત્ર દેખાય છે. સ્મિતવદની ચહેરાઓ સુખ અને માત્ર સુખનું જ દર્શન કરાવે છે. બધાંજ લોકો શ્રેષ્ઠ વસ્ત્રો, અલંકારોથી સજ્જ થઈને દુનીયાની દિવાળી મનાવતા મનાવતા પોતાની જિંદગીનું પ્રભુ મય એક વર્ષ પુરૂં કરે છે. દિવાળી એટલે ઝિંદાદિલીનું પર્વ.

બદલાતા જમાનામાં દિવાળીની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. હવે આપણાં માટે દિવાળી એટલે સજાવટ અને ભેટ સોગાદનું પ્રતીક બની રહી છે. જીવનમાંથી અંધકારને દૂર રાખવાની પ્રેરણા દિવાળીમાંથી જ મળે છે. તિમિરને ડર છે પ્રકાશનો, અજવાળુ અંધકારનું સાચું રહસ્ય ખોલી નાખે છે.

દિવાળીનો ઝળહળતો પ્રકાશ આપણાં સૌના જીવનમાં સ્નિગ્ધ જ્યોત પ્રસારે, આનંદનું આકાશ ઉતારે, અને પ્રસન્નતાની રંગોળી પૂરે.

નૂતન વર્ષનો અરૂણોદય, નવા અરમાનો, નવી કલ્પનાઓ, નવી અનોખી તાઝગી અર્પે એજ મંગલભાવના સાથે

''આજ મુબારક ..... કાલ મુબારક.....
દરિયા જેટલું વહાલ મુબારક.....
નવા વર્ષના સાલમુબારક''

❑ **શ્રી સુરેશભાઈ સુરજમલ ચોધરી**

## સ્મૃતિને સથવારે

શ્રી પાટણ જૈન મંડળ વ્યવસ્થાપક સમિતીના આજીવન સભાસદ, માજી ટ્રસ્ટી તથા દાતા **શ્રી જંયતિલાલ ફતેહચંદ શાહનું** (ખેતરવસી) બુધવાર તા. ૨૯.૦૯.૨૦૧૦ ના રોજ અલ્પ માંદગી બાદ ૯૪ વર્ષની જૈફ વયે થયેલ નિધન થી સંસ્થાએ અનહદ દુ:ખની લાગણી અનુભવી છે. પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંસ્થા સાથે સતત ૫૧ વર્ષ સુધી સંકળાયેલા સર્વશ્રીના નિધનથી સમગ્ર સમાજને એક સન્નિષ્ઠ અને સેવાભાવી સજ્જનની ન પુરાય તેવી ખોટ પડી છે.

પાટણના પનોતા, પ્રેરણામયી, પ્રતિભાશાળી અને લબ્ધપ્રતિષ્ઠિત પુત્રે શ્રી પાટણ જૈન મંડળને ગર્વ અન ગૌરવ બન્ને અપાવ્યા છે. સુખી, સાધન સંપન્ન અને કુશાગ્ર બુદ્ધિમત્તા ધરાવનાર માનનીય અને મનનીય પૂજ્ય શ્રી જયંતિકાકાના હૈયે સદૈવ સંસ્થા માટે હિત અને હેત વસેલું હતું. સકારાત્મક વિચારો, વિચાર સરણી અને અભિગમ થકી તેઓ લાગણીનું સપ્તરંગી મેઘધનુષ રચી શકતા. પ્રેમ વાત્સલ્યતા ભાવ તેમના અંતરમાંથી પ્રગટના અને તેઓ અનન્ય ઉર્જા, ઉર્મિ અને ઉમંગનો સાક્ષાત અનુભવ કરતાં. દાનગંગાની વૈતરણી તેઓ અસ્ખલિત વહેવા દેતા.

તેઓ માનતા કે દીપકમાં તેલ હોય ત્યાં સુધી જ્યોત જલે છે. આપણી આત્મશક્તિ સીમીત હોય છે. અને પ્રાણશક્તિ અમાપ નથી. પોતાનામાં રહેલી તમામ શક્તિનો ઉપયોગ સંયમ સાથે કરવામાં આવે તો સિદ્ધિ અને સફળતા અવશ્ય પ્રાપ્ત થાય. તેઓશ્રી મિલનસાર સ્વભાવ, કર્તવ્ય પરાયણતા, વ્યવહાર કુશલતા તથા નીડરતા જેવા ઉમદા ગુણો ધરાવતા.

સદગત શ્રીએ, શ્રીમતી રમાબેન જંયતિલાલ શાહના નામે મંડળમાં ઉદાર સખાવત આપતા સેમીનાર સૌજન્ય યોજના સાકાર થયા પામી છે. બોરીવલી (રતન નગર) ખાતેના કોમ્પ્લેક્ષમાં શ્રીમતી જાસુદબેન ફતેહચંદ લલ્લુભાઈ શાહની કાયમી સ્મૃતિમાં દાન પ્રાપ્ત થતા કોમ્યુનિટી હોલ સાકાર થવા પામ્યો. આ ઉપરાંત સદ્‌ગત શ્રીએ બાળકો અને યુવાનોમાં સ્ફુર્તિ અર્પે તેવી તેમની મનપસંદ રમતગમત ની પ્રવૃત્તિઓના પ્રોત્સાહન માટે ઉદાર રકમની ભેટ આપતા રીયલ-પર્લ (સાચા મોતી) ના વ્યવસાયના તેઓ બેતાજ બાદશાહ હતા. ઇન્વેસ્ટમેન્ટ તેમનો પ્રિય વિષય હતો જેમાં તેમનું જ્ઞાન ગહન અને વિશાળ હતું. તેઓ પોતાનામાં જ એક મહાવિદ્યાલય હતા. પ્રવૃત્તિમાં નિવૃત્તિ અને નિવૃત્તિમાં પ્રવૃત્તિ તેમનો સ્વભાવ હતો તેઓ ધા ઘસરકા હસતા અને હસી કાઢતા.

સમયના પાબંદ એવા શ્રી જયંતિકાકા યુવાનો ને પણ શરમાયે તેવું જોમ અને ભરોસા ધરાવતા. તેમની લયબદ્ધ સરલ જીવન પદ્ધતિ, રહેણી કરણી અને આચાર વિચારનું પરિણામે વાર્ધક્યને તેમણે વર્ષો પાછળ ધકેલી દીધુ હતુ. જિંદગીની પ્રત્યેક પળનો તેઓ ખુલતા અને ખીલતા ગુલાબની શતદલ પાંખડીની જેમ મહેકતા અને મહોરતા રહ્યા. પરંપરાગત બાપદાદાની સેવા, સાધના અને સંસ્કૃતિ પ્રાપ્ત કરનાર પૂજ્ય શ્રી જંયતિકાકને પરમકૃપાળુ પરમેશ્વર ચિર શાંતિ અર્પે.



**શ્રદ્ધાંજલિ :** સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના અવસાનની સખેદ નોંધ લેતા, તેઓના કુટુંબીજનોના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યકત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિ:રશાંતિ અર્પે એજ પ્રાર્થના.

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | ઉંમર | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા ઓસવાલ | કોકાનો પાડો | લીલાવતીબેન હરખચંદ ઝવેરી | ૭૭ | મુંબઈ | ૨૨.૮.૨૦૧૦ | શ્રાવણ સુદ - ૧૩ |
| વિશા શ્રીમાળી | ખેતરવશી | મહાસુખલાલ કાન્તીલાલ શાહ | ૪૯ | મુંબઈ | ૧૧.૯.૨૦૧૦ | ભાદરવા સુદ - ૦૪ |
| વિશા પોરવાળ | ખેતરવશી | કલાવતીબેન સેવંતીલાલ શાહ | ૭૨ | મુંબઈ | ૧૮.૯.૨૦૧૦ | ભાદરવા સુદ - ૧૧ |
| દશા શ્રીમાળી | નિશાળનો પાડો | કાંતિલાલ ઉત્તમચંદ ચાહવાલા | ૭૨ | મુંબઈ | ૧૯.૯.૨૦૧૦ | ભાદરવા સુદ - ૧૨ |
| વિશા શ્રીમાળી | વાસુપૂજ્યની શેરી | સુધાબેન પ્રવીણભાઈ શાહ (ગુંદરવાલા) | ૬૫ | મુંબઈ | ૨૦.૯.૨૦૧૦ | ભાદરવા સુદ - ૧૨ |
| વિશા ઓસવાલ | કોકાનો પાડો | પ્રમીલાબેન બાબુલાલ શાહ | ૭૪ | મુંબઈ | ૨૧.૯.૨૦૧૦ | ભાદરવા વદ - ૧૩ |
| વિશા ઓસવાલ | કનાસાનો પાડો | સંદીપ મનહરલાલ શાહ | ૪૫ | મુંબઈ | ૨૭.૯.૨૦૧૦ | ભાદરવા વદ - ૦૪ |
| વિશા ઓસવાલ | ઢંઢેરવાડો | ભૂપેન્દ્રભાઈ રતીલાલ ઝવેરી | ૭૫ | મુંબઈ | ૨૭.૯.૨૦૧૦ | ભાદરવા વદ - ૦૪ |
| વિશા શ્રીમાળી | ખેતરવસી | જયંતિલાલ ફતેહચંદ શાહ👁 | ૯૪ | મુંબઈ | ૨૯.૯.૨૦૧૦ | ભાદરવા વદ - ૦૬ |
| સાંડેસરા | કેશુશેઠનો પાડો | સુશીલાબેન રસીકલાલ સાંડેસરા | ૭૪ | મુંબઈ | ૦૨.૧૦.૧૦ | ભાદરવા વદ - ૦૯ |
| દશા ઓસવાલ | ખેતરપાળના પાડો | પ્રભાવતીબેન કંચનલાલ શાહ | ૧૦૨ | મુંબઈ | ૦૫.૧૦.૧૦ | ભાદરવા વદ - ૧૨ |
| વિશા શ્રીમાળી | તંબોલીવાડો | મીતુભાઈ (લાલુ) હરસુખલાલ શાહ👁 | ૫૮ | મુંબઈ | ૦૫.૧૦.૧૦ | ભાદરવા વદ - ૧૨ |
| સાલવી | સાલવી વાડો | પ્રતાપચંદ ભાઈચંદ સાલવી | ૮૨ | અમદાવાદ | ૦૮.૧૦.૧૦ | આસો સુદ - ૦૧ |

👁 ચક્ષુદાન કરેલ છે.

**✳ યુવાનીમાં રક્તદાન ✳ મૃત્યુબાદ ચક્ષુદાન ✳ ત્વચાદાન ✳ અંગદાન ✳ દેહદાન કરો અને કરાવો.**

## સાભાર સ્વીકાર

**મંડળના જુદા જુદા ફંડોમાં અને પ્રવૃત્તિઓમાં, સ્વૈચ્છીક રીતે નાણાંકીય ભેટની રકમ આપવા બદલ, સર્વે શુભેચ્છકો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.**

### સમાજ વિકાસ કૉરપસ ફંડ

૨,૦૦,૦૦૦/- શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમા વાળા) (ખેતરવસી) હઃ શ્રી ધ્રુવી હીતેનભાઈ શાહ

### શૈક્ષણિક સહાય કૉરપસ ફંડ

૧,૦૦,૦૦૦/- શ્રી જતીનભાઈ બાલુભાઈ શાહ (કનાસાનો પાડો) સ્વ. શ્રી બાલુભાઈ નાનાલાલ શાહ તથા શ્રીમતી દમયંતીબેન બાલુભાઈ શાહની સ્મરણાર્થે શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહની પ્રેરણાથી

૫૦,૦૦૦/- સ્વ. શ્રીમતી શંતુબેન કેશવલાલ ખેમચંદ શાહની સ્મૃતીમાં હ : શ્રીમતી નિપુર્ણાબેન શૈલેષભાઈ કેશવલાલ શાહ (કનાસાનો પાડો)

### મેડીકલ સહાય કૉરપસ ફંડ

૧,૦૦,૦૦૦/- શ્રી વિમલભાઈ બાલુભાઈ શાહ (કનાસાનો પાડો) સ્વ. શ્રી બાલુભાઈ નાનાલાલ શાહ તથા સ્વ. શ્રીમતી કેશરબેન નાનાલાલ મણીલાલ શાહની સ્મરણાર્થે શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહની પ્રેરણાથી

૫૦,૦૦૦/- સ્વ. શ્રી જય શૈલેશ કેશવલાલ શાહ (કનાસાનો પાડો) હ. તિનાસી - ફોરમ પ્રિયેશ મહેતા

### વિકલાંગ ઉત્કર્ષ કૉરપસ ફંડ

૧,૦૦,૦૦૦/- શ્રી જનકભાઈ બાલુભાઈ શાહ (કનાસાનો પાડો) સ્વ. શ્રી બાલુભાઈ નાનાલાલ શાહ તથા શ્રી બેબીબેન બાલુભાઈ શાહની સ્મરણાર્થે શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહની પ્રેરણાથી

### શિક્ષણ સહાય તથા દવા સહાય ભેટ

૩૬,૦૦૦/- શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ (લખીયારવાડો) સ્વ. શ્રી. અરવિંદકુમાર બાપુલાલ શાહ તથા શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર શાહના સ્મરણાર્થે

### દવા સહાય/શિક્ષણ સહાય/વૃદ્ધજન સહાય ભેટ

૨૫,૦૦૦/- નેમચંદ જેશંગલાલ શાહ (ગુંદરવાલા) પરિવાર (વાસુપૂજ્યની શેરી) માતુશ્રી સ્વ. શ્રીમતી સુધાબેન પ્રવિણચંદ્ર શાહના આત્મશ્રેયાર્થે

### વૃધ્ધજન સહાય ભેટ

૭,૫૦૦/- શ્રી રમેશભાઈ સનાલાલ શાહ, શ્રીમતી સુલોચનાબેન રમેશચંદ્ર શાહ (મલ્લાતનો પાડો) શ્રી રમેશભાઈ સનાલાલ શાહના ૭૫ માં વર્ષગાંઠ નિમીત્તે

૨,૧૦૧/- શ્રીમતી રાગીણીબેન કુમારપાળ શાહ (ચોધરીની શેરી) પૌત્ર ચિ. રોનક ભાવેશભાઈ શાહની બીજી વર્ષગાંઠ નિમિત્તે

### શિક્ષણ સહાય ભેટ

૨,૫૦૦/- શ્રીમતી ભાનુબેન રમેશચંદ્ર શાહ (ખેતરવસી)

૧,૦૦૧/- શ્રી અમીતભાઈ ભગવાનદાસ પાટણવાલા (મારફતીયા મહેતાનો પાડો) ચિ. ધાર્મીન ઉ. વ. ૧૬ ના ૧૮ ઉપવાસ નિમીત્તે.

### વૃધ્ધજન તથા શિક્ષણ સહાય ભેટ

૧,૦૦૨/- શ્રી બીપીનભાઈ ચીમનલાલ શાહ ચિ.જય M.Com. પરીક્ષામાં પાસ થયાની ખુશાલીમાં (અજીતનાથની પોળ)

### વિકલાંગ ઉત્કર્ષ ભેટ

૨,૫૦૧/- શ્રી કાર્તિકભાઈ અરવિંદકુમાર ઝવેરી (વસાવાડો) સ્વ. શ્રી અરવિંદકુમાર મણીલાલ ઝવેરી ના ૨૫ મી પુણ્યતિથિ નિમીત્તે

૨,૫૦૦/- શ્રી રસિકભાઈ મગનલાલ શાહ (ઝવેરીવાડો) જન્મદિન નિમીત્તે

### આર્થિક સહાય ભેટ

૫,૦૦૦/- Pratruca Charitable Trust હ. શ્રીમતી સંગીતાબેન સી. શેઠ

૧,૦૦૦/- શ્રીમતી રીમાબેન વિરલભાઈ શાહ (વખતજીની શેરી) અઠ્ઠાઈ તપની આરાધના નિમીત્તે

૨૫૧/- શ્રીમતી નેહાબેન ધર્મેશભાઈ પટણી અઠ્ઠાઈ તપની આરાધના નિમીત્તે

### દવા સહાય ભેટ

૨,૦૦૨/- શ્રી પ્રજ્ઞેશભાઈ સુરેશભાઈ શાહ (વખતજીની શેરી) ચિ. રાજવી ના અઠ્ઠાઈ તપ તથા રાશીના આરંગેત્રમ નિમીત્તે

૨,૦૦૦/- શ્રીમતી દક્ષાબેન નલીનભાઈ પોપટલાલ શાહ (અબજી મહેતાનો પાડો) સ્વ. શ્રીમતી સુધાબેન પ્રવીણચંદ્ર શાહ (ગુંદરવાલા) ની પ્રથમ માસીક પુણ્યતિથી નિમીત્તે

૧,૦૦૧/- શ્રી જીતેશભાઈ સુરેશભાઈ શાહ (વખતજીની શેરી) ચિ. વેદાંત ના અઠ્ઠાઈ તપ નિમિત્તે

૫,૦૧/- ચિ. હર્ષિલભાઈ કેતનભાઈ શાહ (ખેતરવસી)

### હેલ્થકેર સાધન ભેટ

૮,૦૦૦/- શ્રી આદિત્યભાઈ કાપડીયા

૪,૦૦૦/- શ્રીમતી લક્ષ્મીબેન ગડા

૧,૦૦૦/- શ્રી દિનેશકુમાર ધર્મચંદજી જૈન

૧,૦૦૦/- શ્રીમતી દમયતી અંબાલાલ કાપડીયા

સુસંસ્કૃત સમાજના સન્નિષ્ઠ સાન્નિધ્ય થકી,
શિક્ષણ, સ્વાવલંબન અને તબીબી સહાયનો સમન્વય.

### શ્રી પાટણ જૈન મંડળ

# સમાજ વિકાસ ફંડ

**એક નૂતન અભિગમ અને અનન્ય અભિયાન**

## મુખ્યદાતા

- બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ, ખજુરીનો પાડો
- બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ, ખજુરીનો પાડો
- બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ, ખજુરીનો પાડો
- શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ, ઢંઢેરવાડો
- શ્રીમતી ગુલાબબેન રમણલાલ શાહ, વખતજીની શેરી
  હ. શ્રી હીતેનભાઈ પ્રવીણચંદ્ર શાહ
- શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ, ખજુરીનો પાડો
- શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, મલ્લાતનો પાડો
- શ્રી સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
- શ્રી મફતલાલ ચુડઘર ચેરીટેબલ ટ્રસ્ટ, ચોધરીની શેરી
- શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ, કોકાનો પાડો
- શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર પોપટલાલ શાહ, હ. શ્રી જીતેનભાઈ, કનાસાનો પાડો
- શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ, ચીતારાની ખડકી
- શ્રીમતી હંસાબેન મનહરભાઈ કેશવલાલ શાહ, હ. શ્રી શ્રેણીકભાઈ મનહરલાલ શાહ, લખીયારવાડો
- શ્રી શાંતિલાલ રીખવચંદ શાહ, કોકાનો પાડો
- શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ચોધરીની શેરી
- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા, હ. શ્રી દાનેશભાઈ, કનાસાનો પાડો
- શ્રી નવીનચંદ્ર ખુબચંદ શાહ, ઢંઢેરવાડો
- શ્રીમતી લીલાવતીબેન પનાલાલ મણીલાલ શાહ, વસાવાડો
- શ્રી અશોકભાઈ પોપટલાલ શાહ, હ. શ્રી ચિરાગભાઈ, કનાસાનો પાડો
- શ્રીમતી જીનબાળાબેન હસમુખલાલ શાહના સ્મરણાર્થે,
  હ. શ્રીમતી કનકબેન કેતનભાઈ શાહ, ઢંઢેરવાડો
- શ્રી પ્રવિણચંદ્ર વૃજલાલ શાહ (મંત્રી), હ. શ્રી વિરેશ પ્રવિણચંદ શાહ, કનાસાનો પાડો
- શ્રી હેમંતભાઈ કાંતીલાલ સાલવી, સાલવીવાડો

## આધારસ્તંભદાતા

- શ્રીમતી સુભદ્રાબેન ભોગીલાલ ઝવેરી (સાહેબા), ચોધરીની શેરી
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રી નવીનભાઈ નેમચંદભાઈ શાહ (ગુંદરવાળા), વાસુપૂજ્યની શેરી
- શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ, મારફતીયા મહેતાનો પાડો
- શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા), ખેતરવસી
- શ્રી રાકેશભાઈ કાંતીલાલ શાહ, સ્વ. શ્રી ગીતાબેનના સ્મરણાર્થે, ચોપાટી
- શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, કપુર મહેતાનો પાડો
- શ્રી રાજેન્દ્રભાઈ અંબાલાલ ઝવેરી, ડંક મહેતાનો પાડો
- શ્રી કેશરીચંદ જેશીંગલાલ શાહ, ઢંઢેરવાડા
- શ્રી મણીલાલ સરૂપચંદ શાહ (દેવડાવાળા) પરિવાર, લીમડીનો પાડો

*(અનુસંધાન પાના નં..... ૭ ઉપર)*

## SHREE PATAN JAIN MANDAL

### REVOLVING FUND

**To provide interest free Educational Loan**

| Donor | Donation In 5 years |
|---|---|
| **Smt. Shubhadraben Ramanlal Popatlal Shah**, Kumbhariya Pado | **Rs. 25 Lakhs** |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala**, Kanasa no Pado, by Daneshbhai, Bhagyeshbhai, Sukeshbhai, Dhirenbhai. | **Rs. 25 Lakhs** |
| **Babu Panalal Punamchand Charitable Fund**, Khajurini Pado | **Rs. 15 Lakhs** |

**Target for REVOLVING FUND is Rs. 5 Crore**

For Studies in India, Shree Patan Jain Mandal Shall provide interest free Educational loan upto Rs. 2 lakhs to deserving PATANI Students for their higher studies and high cost specialised courses.

### શ્રી પાટણ જૈન મંડળ

### મેમોરીયલ ફંડ

**વિલ દ્વારા નોંધાવાયેલ**
**અનુકરણીય અને અનુમોદનીય સખાવત**

| દાતાનું નામ | દાનની રકમ |
|---|---|
| **શ્રીમતી નિર્મળાબેન (દેવીબેન)** શામળાજીની શેરી (ખેતરવસી) સ્વ. શ્રી ધીરજલાલ પોપટલાલ શાહના સ્મરણાર્થે | રૂા. ૧૦ લાખ |

વસિયતનામા (વિલ) દ્વારા મેમોરીયલ ફંડમાં સખાવત કરનાર દાતાની ભાવના અનુસાર, દાનની રકમનો ઉપયોગ મંડળની વિશેષ પ્રવૃત્તિઓમાં કરવામાં આવશે.

**TO POST WITHOUT PREPAYMENT**

**WPP LIC. NO. MR/TECH/WPP-221/SOUTH 2009-11**

**P. O. REGD. NO. MH/MR/SOUTH -135/2009 -11**

**PRINTED MATTER**

To, ______________________________

______________________________

______________________________

______________________________

***Publisher & Printer :*** **SHREE PATAN JAIN MANDAL,** ***Printed at :*** **RAJESH PRINTERY,** 115, Pragati Industrial Estate, 316, N.M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Bhavin Gandhi : ☎ 022 - 23012496 ***Published by :*** Shree Patan Jain Mandal, 77, Marine Drive, Mumbai - 400 020. ***Editor :*** **BHARTIBEN BHAGUBHAI SHAH.**